# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૩ વર્ષ - ૧૫ : ફેબ્રુઆરી–૨૦૧૨

## ભાદરવા વદ ૬, શુક્રવાર તા. ૨૨-૦૯-૧૯૭૮. 'બહેનશ્રીનાં વચનામૃત', બોલ નં. ૨૫૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, સળંગ પ્રવચન નં. ૯૭



વચનામૃત ૨૫૫.

**'અંતર કા અપરિચિત માર્ગ;...'** ભગવાન આત્મા આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ (હૈ), ઉસકી પ્રતીતિ, જ્ઞાન ઔર રમણતા, યે અનાદિ સે અપરિચિત હૈ. આહા..હા..! **'અંતર કા અપરિચિત માર્ગ; અંતર મેં ક્યા ઘટમાલ ચલતી હૈ...'** આહા..હા..! ધર્મી કો ભી અંદર ઘટમાલ–રાગ આતા હૈ. આહા..હા..! (ઇસકા) વીતરાગ કી વાણી સે નિર્ણય કરના ચાહિયે. અપને સ્વચ્છંદ સે નિર્ણય નહીં કરના. આહા..હા..! **'અંતર મેં ક્યા ઘટમાલ ચલતી હૈ...'** આહા..હા..! **'ઉસકા આગમ...'** પરમાગમ, સર્વજ્ઞને કહા દિવ્યધ્વનિ કા પરમાગમ, **'એવં ગુરુ કી વાણી સે હી નિર્ણય કિયા જા સકતા હૈ. ભગવાન કી સ્યાદવાદ-વાણી હી તત્ત્વ કા પ્રકાશન કર સકતી હૈ.'** ક્યા કહતે હૈં ? આહા..હા..! એકબાર ભગવાન ઐસા કહે કિ જ્ઞાની કા ભોગ નિર્જરા કા હેતુ હૈ. ભોગ નિર્જરા કા હેતુ હૈ? ભોગ તો રાગ હૈ, દુ:ખ હૈ. લેકિન દૃષ્ટિ કે જોર કો બતાના હૈ. યે દૃષ્ટિ કા જોર શુદ્ધ દ્રવ્ય પર હૈ, ઇસ કારણ સે, ભોગ કા ભાવ આયા. લેકિન ઉસકા બંધ અલ્પ હોગા. ઉસકી ગિનતી નહીં કરકે, દૃષ્ટિ કી પ્રધાનતા સે ભોગ કો નિર્જરા કહા. ભોગ નિર્જરા હો તો ભોગ છોડકર મુનિપના લેના. યે રહતા નહીં. આહા..હા..! સમજ મેં આયા ?

**'ભગવાન કી સ્યાદવાદ-વાણી હી...'** કિસ અપેક્ષા સે કહા હૈ ? એકબાર ઐસા કહે, કિ સમ્યગ્દૃષ્ટિ કો બંધન હૈ હી નહીં. દૂસરી ઓર ઐસા કહે કિ, જબતક યથાખ્યાત ચારિત્ર પૂર્ણ ન હો, તબ તક જ્ઞાન ઔર આનંદ કી પરિણતિ અલ્પ હૈ. ઇસ કારણ સે વિકારભાવ હૈ, દુ:ખ હૈ, બંધન હોતા હૈ. આહા..હા..! એક ઓર ઐસા કહે કિ સમ્યગ્દૃષ્ટિ કો બંધ હોતા નહીં. કિસ અપેક્ષા સે ? મિથ્યાત્વ ઔર અનંતાનુબંધી કે અભાવ કી અપેક્ષા સે. લેકિન વહાં બંધ હૈ હી નહીં, ઐસા માને

તો વહ અજ્ઞાની હૈ. બંધ તો દસવેં ગુણસ્થાન તક હૈ. આહા..હા..! ઔર બારહવેં ગુણસ્થાન મેં સુખ કી પ્રાપ્તિ, પૂર્ણાનંદ કી પ્રાપ્તિ તો બારહવેં (ગુણસ્થાન મેં) હોતી હૈ પરંતુ નીચે કી દશા મેં આત્મા કે આનંદ કા અનુભવ હો, ઉસકે સાથ આનંદ પૂર્ણ નહિ, સાથ મેં રાગ કી આકુલતા કા દુઃખ ભી હૈ. યે તો મેરુ હિલાના હૈ. યે હિલે નહીં. આહા..હા..!

સચ્ચિદાનંદ પ્રભુ ! ઐસી દૃષ્ટિ હુઈ, ફિર ભી સ્યાદવાદ વાણી ઐસા કહે કિ ઉસકો બંધન નહીં. એક ઓર કહે કિ જબતક વીતરાગતા પૂર્ણ ન હો, તબતક મુનિકો ભી બંધન, રાગ ઔર દુઃખ હૈ. આહા..હા..! યે બડી તકરાર હૈ ન ? દૃષ્ટિકા ફેર (હૈ).

'અમૃતચંદ્રાચાર્ય' તીસરે શ્લોક મેં કહતે હૈં. આહા..હા..! 'મૈં તો શુદ્ધ ચૈતન્યવસ્તુ હું. લેકિન મેરી પર્યાયમેં અભી **'કલ્માષિતાયાઃ'** શુભભાવ હૈ વહ કલુશિત હૈ. પંચ મહાવ્રતકા ભાવ હૈ... આહા..હા..! કલુશિત હૈ, દુઃખ હૈ, મૈં ઇતના દુઃખી હું. તીસરે કલશ મેં હૈ. સમજ મેં આયા ? વીતરાગ કી સ્યાદ્‌વાદ-વાણી કિસ અપેક્ષાસે કહા યે સમજે નહીં ઔર એકાંત ખીંચ લે તો દૃષ્ટિ વિપરીત હો જાતી હૈ. સમજ મેં આયા ?

યહી કહતે હૈં, **'ભગવાન કી સ્યાદ્‌વાદ-વાણી હી તત્ત્વ કા પ્રકાશન કર સકતી હૈ.'** આહા..હા..! એક ઓર જ્ઞાની કા ભોગ નિર્જરા કા હેતુ (કહે), ઉસી નિર્જરા અધિકાર મેં લેતે હૈં કિ ધર્મી કો આનંદ કા અનુભવ હૈ, ફિર ભી સુખદુઃખ કા વેદન ઉસકો આતા હૈ. ભાઈ ! નિર્જરા અધિકાર કી દૂસરી ગાથા. સાતા-અસાતા કા વેદન આતા હૈ. વેદન આકર બાદ મેં ખિર જાતા હૈ. લેકિન વેદન હૈ. ૯૪. આહા..હા..! દૂસરી ગાથા. એક ઓર ઐસા કહે કિ જ્ઞાની કો દુઃખ હૈ હી નહીં, બંધ હૈ હી નહીં. કિસ અપેક્ષા સે ?

મુમુક્ષુ :- જિતના રાગ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉસે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કી અપેક્ષા સે બંધન નહીં ઔર દુઃખ નહીં. લેકિન જિતના કષાય (હૈ), અભી દેવ-ગુરુ-શાસ્ત્ર કી ભક્તિ કા ભાવ આતા હૈ... આહા..હા..! વાંચન કા વિકલ્પ આતા હૈ, કહને કા વિકલ્પ આતા હૈ. આહા..હા..! 'સમાધિશતક' મેં તો ઐસા કહતે હૈં કિ, ઉપદેશ કા વિકલ્પ આતા હૈ યહ ઉન્માદ હૈ. આહા..હા..! ચારિત્ર કા દોષ હે, દુઃખ હે. આહા..હા..! ઐસા વીતરાગ કા માર્ગ (હૈ). સમજ મેં આયા ?

પર્યાય મેં નિમિત્ત કો વશ હોકર પૂર્ણાનંદ કી દશા નહીં, વહાં દુઃખદશા ઉત્પન્ન હોતી હૈ. રાગ કહો કી દુઃખ કહો. આહા..હા..! 'રાગ આગ દહે સદા,..' 'રાગ, આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈયે.' આહા..હા..! યે શુભ ઔર અશુભરાગ આગ, દાહ (હૈ). 'છહઢાલા' મેં આતા હૈ. રાગ, આગ, દાહ દહે સદા, ઉસકો છોડકર સમામૃત સેઈયે. વીતરાગભાવ કી સેવા કર. સમજ મેં આયા ? આહા..હા..!

વીતરાગ કી વાણી સ્યાદવાદ હૈ. યહ **'વાણી હી તત્ત્વ કા પ્રકાશન કર સકતી હૈ. જિનેન્દ્રવાણી ઔર ગુરુવાણી કા અવલંબન સાથ રખના;...'** સ્વચ્છંદ સે મત ચલના. આહા..હા..! જિનેન્દ્રવાણી, તીનલોક કે નાથ પરમાત્મા કી વાણી, દિવ્યધ્વનિ, ૐકાર ધ્વનિ... આહા..હા..!

મુમુક્ષુ :- ઉસકા જ્ઞાન કરના વહ તો બરાબર હૈ, લેકિન ઉસકા અવલંબન રખના, ઐસા કહા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- અવલંબન હૈ ન. નિમિત્ત કા લક્ષ્ય વહાં હૈ ન. વે ક્યા કહતે હૈં ઐસા લક્ષ્ય હૈ ન ? યે અવલંબન હૈ. સમજ મેં આયા ? આહા..હા..! શાસ્ત્ર માર્ગ દિખાકર અલગ રહે. લેકિન માર્ગ દિખાયે કિ અંદર મેં જા. આહા..હા..!

રાત્રિ મેં થોડા કહા થા ન. અરે..રે...! અજ્ઞાની પ્રાણી વિષય કે ભોગકાલ મેં રાત્રિ કો પકવાન પેડે ઔર બરફી ખાકર ભોગ લેતે હૈં. આહા..હા..! સબ બાત સુની હૈ, કી નહીં લેકિન બહુત સુની હૈ. ભોગ લેને કા ભાવ હો, તબ પેડે આધા શેર, પોના શેર બરફી લાકર દોનોં ખાયે. અરે..! પ્રભુ ! તુ ક્યા કર રહા હૈ ?

ઐસે અંતર કા ભોગ લેના હો તો જ્ઞાન ઔર વૈરાગ્ય કી સામગ્રી લેકર અંદર જા. આહા..હા..! નિર્જરા અધિકાર મેં જ્ઞાન ઔર વૈરાગ્ય દોનોં શક્તિ આતી

હૈ. આહા..હા..! સમ્યક્જ્ઞાન રાગ સે ભિન્ન હુઆ, રાગ હૈ. રાગ હૈ ઇતના દોષ હૈ, આસક્તિ હૈ. આહા..હા..! નિશ્ચય સે સ્વામી નહીં, લેકિન એક અપેક્ષા સે અધિષ્ઠાતા-સ્વામી ભી હૈ. આહા..હા..! ઐસી બાત !

'પ્રવચનસાર' મેં કહા હૈ કિ જિતના શુભાદિ રાગ હૈ, ઉસકા અધિષ્ઠાતા આત્મા હૈ. ઉસકી કમજોરી સે અપને સે હોતા હૈ. 'પ્રવચનસાર' ૪૭ નય અધિકાર. વહાં જિતના વિકલ્પ હૈ, નિર્વિકલ્પ ધર્મ જો હૈ, ઉસકા અધિષ્ઠાતા આત્મા હૈ. ઐસા લિયા હૈ. ઉસમેં રાગ વિકલ્પ હોતા હૈ, ઉસકા સ્વામી આત્મા હૈ. આહા..હા..! વહ કોઈ કર્મ સે હુઆ હૈ ? અપની કમજોરી સે હુઆ હૈ. આહા..હા..! સમજ મેં આયા ? યે દેખો !

એક ઔર ઐસા કહે કિ સ્વસ્વામીસંબંધ નામ કા આત્મા મેં એક ગુણ હૈ. તો અપના દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ઔર પર્યાય ભી શુદ્ધ હુઈ, ઇતના સ્વ ઔર ઉસકા આત્મા સ્વામી. આહા..હા..! દૂસરી ઓર ઐસા કહે કિ, જિતના રાગ મુનિ કો ભી ઉત્પન્ન હોતા હૈ... આહા..હા..! પંચ મહાવ્રત કા વિકલ્પ ભી રાગ હૈ, જગપંથ હૈ. કઠીન બાત હૈ, ભાઈ ! પંચ મહાવ્રત કા વિકલ્પ જો હૈ વહ આકુલતા, રાગ ઔર જગપંથ હૈ. સંસારપંથ હૈ, ઇતના સંસાર હૈ. આહા..હા..! સમજ મેં આયા ? વહ બંધ કા કારણ ઔર દુઃખ હૈ. આહા..હા...! મુનિ કો શુભ આતા હૈ (વહ) ઝહર હૈ, ભઠ્ઠી હૈ, દુઃખ હૈ. આહા..હા..! ઇસકા સ્વામી આત્મા હૈ. ભાઈ!

એક ઓર સ્વસ્વામીસંબંધ મેં શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વ ઔર સ્વામી, એક ઓર યે કહા. કિસ અપેક્ષા સે ભાઈ ? ઐસે એકાંત નહીં હોતા. આહા..હા..! તીનલોક કે નાથ સર્વજ્ઞ પ્રભુ ! ઉનકી યહ (વાણી હૈ).

કહતે હૈં, **'જિનેન્દ્રવાણી ઔર ગુરુવાણી કા અવલંબન સાથ રખના;...'** લક્ષ્ય રખના કી વાણી ક્યા કહતી હૈ ? ઔર ગુરુ ક્યા કહતે હૈં ? અપને સ્વચ્છંદ સે મત માનના. આહા..હા..! **'તભી તુ સાધના કે ડગ ભર સકેગા.'** તભી તુ સાધના કે ડગ, અંતર સ્વરૂપ મેં જાના. ડગ ભરેગા તો પર્યાય તેરી નિર્મલ હોગી. આહા..હા..! બહુત સૂક્ષ્મ ભાષા મેં, સાદી ભાષા મેં (લિયા હૈ).

## નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રીની જન્મજયંતિ પ્રસંગ ઉપર રાજહૃદય ભાગ-૫ (ગુજરાતી) પ્રકાશિત કરવામાં આવ્યો છે. વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા ટૂંક સમયમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર ચાલેલા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો 'અધ્યાત્મસુધા ભાગ-૬' તથા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર ચાલેલા સળંગ પ્રવચનો 'રાજહૃદય ભાગ-૬' ટૂંક સમયમાં પ્રકાશિત કરવાની ભાવના છે.



# શ્રી પરમાગમસાર, વચનામૃત–૧૪૬ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૫૦ (તા.૨૪-૧૨-૧૯૮૨, ભાવનગર)

**પ્રશ્ન :– પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદૃષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું? ઉત્તર :– રાગથી ભિન્ન પડવું તે સાધન છે. પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે. ૧૪૬.**

'**પ્રશ્ન :– પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદૃષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું ?**' આ સાધનનો પ્રશ્ન છે. પ્રશ્નકારના અભિપ્રાયમાં માત્ર અનાદિનું પરલક્ષી જ્ઞાન છે એટલું નથી. પણ પરલક્ષીજ્ઞાન કાયમ રહેનારું હોય અને પરલક્ષીજ્ઞાન પલટતું ન હોય એવો અભિપ્રાય છે. એમાં હુંપણું આવ્યું છે ને ? હુંપણું આવ્યું છે ત્યાં શાશ્વત હુંપણે આવે છે. જ્યાં જ્યાં હુંપણું થાય છે ત્યાં શાશ્વતપણાના આભાસ સાથે હુંપણું થાય છે. એટલે હું પરલક્ષીજ્ઞાનવાળો, હું ઇન્દ્રિયજ્ઞાનવાળો એવો કાયમ હું. એ સ્વીકારીને, એમ સ્થાપીને, હવે મને શું સાધન. પરલક્ષીજ્ઞાનવાળો રહીને, પરલક્ષીજ્ઞાનમાં રહ્યા રહ્યા મને શું સાધન ? આવો પ્રશ્ન છે.

ત્યારે ઉત્તર આપે છે કે '**રાગથી ભિન્ન પડવું તે સાધન છે.**' શું કહે છે ? પરલક્ષીજ્ઞાન મટીને જ્ઞાનમાં સ્વલક્ષ થાય એવી ક્રિયા થઈ શકે છે. જીવને અનાદિથી પરલક્ષી જ્ઞાન છે. એટલે એ જ્ઞાન પરલક્ષી જ રહ્યા કરે એમ સ્વીકારી લેવું જરૂરી નથી. જ્ઞાનની પર્યાય પોતે પલટતી ક્રિયા છે. બદલતી ક્રિયા છે. એ પરલક્ષ પલટીને સ્વલક્ષ કેમ થાય ? એ વિચારવું જોઈએ. એના માટે આ ઉત્તર છે કે '**રાગથી ભિન્ન પડવું તે સાધન છે.**' ખરેખર તો જ્ઞાનમાં સ્વરૂપનું ગ્રહણ થાય, ત્યારે જીવ રાગથી ભિન્ન પડે છે. અને પોતાના સ્વરૂપનું જ્ઞાનમાં ગ્રહણ થયા વિના જ્ઞાન સ્વલક્ષી થતું નથી. છતાં ઉત્તર એમ આપ્યો છે કે '**રાગથી ભિન્ન પડવું તે સાધન છે.**' રાગના પડખેથી ઉત્તર આપ્યો છે. રાગથી ભિન્ન ત્યારે પડાય છે કે જ્ઞાનથી અભિન્નપણું વેદવામાં આવે છે ત્યારે. આ પરિસ્થિતિ છે. કેમ રાગથી ઉત્તર આપ્યો છે ? કે રાગ તે હું, એમ રાગમાં અભિન્નપણે વર્તી રહ્યો છે. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથા છે, એમાં એ વિષય લીધો છે કે સર્વપ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી અનુભવમાં આવતા જે અનેક મિશ્રભાવો, એટલે રાગ, જ્ઞાન એ બધું અનુભવમાં આવી રહ્યું છે. વિચાર છે ને ? જાણવું થાય છે એ જ્ઞાન પણ છે. પરપદાર્થના આશ્રયવાળો પરિણામના રાગ પણ છે. એને અહીંયાં આપણે વિચાર કહીએ છીએ. એ આ અનુભવમાં આવતા જે મિશ્રિતભાવો તેમાંથી જે ભેદજ્ઞાનમાં કુશળ છે તે શું વિચારે છે ? શું અનુભવ કરે છે ? કે આ અનુભૂતિ તે જ હું છું. એવું જે આત્મજ્ઞાન. આત્મજ્ઞાનની આટલી વ્યાખ્યા કરી છે કે આ અનુભૂતિ છે તે જ હું છું. અનેકભાવોમાં જેમાં અનુભવ થાય છે, જ્યાં અનુભવ થાય છે, તે અનુભવસ્વરૂપે હું છું. તે અનુભવમાં શું આવે છે ? કે અનુભવમાં જ્ઞાન આવે છે.

કોઈ તર્ક કરે કે અનુભવમાં અમને તો રાગ આવે છે. જ્ઞાન તો ક્યાંય પડ્યું રહે છે અને અનુભવમાં અમને રાગ આવે છે. ત્યારે એને એમ કહે છે કે જુઓ ! ભાઈ ! અનુભવમાં રાગ નથી આવતો, પણ જે રાગ જ્ઞાનમાં જણાય

છે, જે રાગનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે એ જ્ઞાન અનુભવમાં આવે છે. ધ્યાનથી જુઓ તો અનુભવમાં જ્ઞાન આવી રહ્યું છે. જ્ઞાન પોતે અનુભૂતિસ્વરૂપ છે. અનુભવસ્વરૂપ છે. જ્ઞાનમાં જ અનુભવ થાય, અને જ્ઞાનમાં જ્ઞાનનો જ અનુભવ થાય. અને જ્ઞાનમાં સિવાય જ્ઞાન બીજો કોઈ અનુભવ થઈ શકે એવો અવકાશ પણ નથી. આ તો જ્ઞાનની પરિસ્થિતિ છે. તેથી અમુક જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે ત્યારે તેને એમ લાગે છે કે મને તે પદાર્થનો, તે ભાવનો અનુભવ થાય છે. એ ભ્રાંતિ છે. વસ્તુતા તે પદાર્થ, તે જ્ઞાન, તે પદાર્થ અને તે સંબંધિત જે જ્ઞાન થયું, અથવા જ્ઞેયાકારે જે જ્ઞાન થયું એ જ્ઞાનનો અનુભવ થયો છે. જ્ઞાનમાં જ્ઞાનનો જ અનુભવ થાય છે. જ્ઞેય જણાય ત્યારે પણ, કે ગમે ત્યારે પણ, કોઈપણ કાળે.

મુમુક્ષુ :- અનુભવમાં જ્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- ... જીવને પરપદાર્થની અત્યંત રુચિ છે અને પરપદાર્થની અત્યંત રુચિ છે અને એને વશ એને એમ થાય છે કે મને પરપદાર્થ અનુભવાય છે. પરપદાર્થની રુચિને વશ એને એવો આભાસ છે. એ તો જ્ઞાની પણ કહે છે કે આભાસ છે. એ તો ખરેખર માને છે, કે મને પરપદાર્થ મારામાં અનુભવાય છે. વસ્તુતાએ એમ બની શકતું નથી. જ્ઞાનમાં કોઈ પરપદાર્થ ભળી શકે, જ્ઞાનમાં રાગ પણ ભળી શકે, મિશ્રણ થઈ શકે, આવી શકે એ વસ્તુસ્થિતિમાં નથી. એવું બની શકતું નથી.

મુમુક્ષુ :- અનાદિકાળથી પરનો અનુભવ થયો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો એમ જ છે કે જીવને અનાદિથી વર્તમાન સુધી એના જ્ઞાનનો અનુભવ થયો હોવા છતાં એણે હંમેશા એમ જ સ્વીકાર્યું છે કે મને પરનો અને રાગનો જ અનુભવ થાય છે. એમ ખરેખર માની લીધું છે. નથી એમ માની લીધું છે તેથી તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. જો ખરેખર એમ બનતું હોય તો એને મિથ્યા નામ ન દેવાય. તો એ બરાબર છે. વાસ્તવિક છે.

એટલે એ લીધું છે કે, **'રાગથી ભિન્ન પડવું તે સાધન છે.'** હવે કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં ગમે તે પ્રકારનો ઉદય હોય, જ્ઞાનમાં જ્ઞાન થાય છે અને જ્ઞાનમાં બીજું કાંઈ થતું નથી. એવો જ્ઞાનના જ્ઞાનાનુભવને અવલોકવો જોઈએ. જ્યારે એને કોઈ પરપદાર્થનો જ્ઞાનમાં અનુભવ થાય છે. એવું લાગે ત્યારે પણ વિચારથી તો સમજણ આવી છે ને ? વિચારમાં તો સમજણ આવી છે. તો એણે એ બાજુ વિચારથી પણ પ્રયોગ કરવો જોઈએ કે મારા જ્ઞાનમાં શું આવે છે ?

હરખ-શોકનું એક દૃષ્ટાંત લઈએ કે કોઈપણ પદાર્થ ઇચ્છિત પદાર્થનો સંયોગ થતાં જીવને હર્ષ થાય છે. એને જે પદાર્થ એને લાભદાયક, સુખદાયક માન્યો છે તે જ પદાર્થનો નાશ થતા, વિયોગ થતા એને દુઃખ થાય છે, શોક થાય છે. હવે એવી કોઈપણ હરખ અથવા શોકની. બે પ્રકારની લાગણી છે. બંને વિષમ છે. વિષમ છે એટલે શું કે સરખી નથી. સમ એટલે સરખી. વિષમ એટલે એકબીજાથી વિરુદ્ધ. અને આત્માના સ્વભાવથી પણ એ વિરુદ્ધ છે. એટલે પણ એને વિષમ કહેવાય છે. તો જ્યારે કોઈ પદાર્થ, ઇચ્છિત પદાર્થનો સંયોગ થયો અને હરખ થયો. બહુ સારું થયું, ઠીક થયું, આનંદ થયો, ખુશી થઈ એમ લાગે છે ને ? જ્ઞાનને તપાસે કે જ્ઞાનમાં શું મળ્યું ?

એક માણસને પુરણપોળી ભાવે છે. એક દૃષ્ટાંત લઈએ. એને ઘીમાં જબોળીને પૂરણપોળી પીરસી. હવે જીવ શું કરે છે ? કે પહેલેથી જ એણે એવી કલ્પના કરી રાખી હતી કે આ ચીજ બહુ સારી. એ બહુસારી એનો નિશ્ચય છે. બહુ સારીનો નિર્ણય છે એનો નિશ્ચય પડ્યો છે. એમાં ઉદયમાન થયો પ્રસંગ. અને એમાં જ્યાં સુધીમાં એને એ જ્ઞાનમાં આવે એટલે ખાય ત્યાં સુધી, જીભ ઉપર એનો સ્વાદ આવે ત્યાં સુધીમાં એને એનો રસ ઘૂંટી લીધો. ભલે થોડીક ક્ષણો હોય, અલ્પ ક્ષણ હોય કે વધારે વખત હોય. વધારે વખતમાં એને ખબર પડી હોય કે આજે ભોજનમાં મારી ભાવતી ચીજ બનવાની છે. અથવા તો ઓચિંતું એને ભાણા ઉપર બેસે ત્યારે ખબર પડે. એને સમયનો કોઈ પ્રતિબંધ નથી કે વધુ સમય જોઈએ કે ઓછો સમય જોઈએ. નિશ્ચિત પદાર્થનો, સુખ માટે નિશ્ચય કરેલા પદાર્થનો ઉદય આવવામાં થોડીક ક્ષણ પણ એનો રસ લેવા માટે પર્યાપ્ત

છે. થોડીક ક્ષણો પણ એનો રસ લેવા માટે પર્યાપ્ત છે. એટલે એનો રસ ઘૂંટાવો શરૂ થાય છે.

જ્યારે ખરેખર ઇન્દ્રિય જ્ઞાનના સન્નીકર્ષમાં આવે છે ત્યારે તો એ ઘણો રસ રેડે છે કે વાહ ! બહુ સારું. આ એની એક મિથ્યાદૃષ્ટિ જીવની, અનુભવની પ્રક્રિયાનું પૃથક્કરણ છે. એના બદલે શું થવું જોઈએ ? હવે આ પરિસ્થિતિ સર્વજીવોને સર્વસામાન્ય છે. એના બદલે શું થવું જોઈએ ? એના જ્ઞાનાભ્યાસમાં આ રીતે પરભાવ અને પરપદાર્થનો રસ તોડવા માટે શું થવું જોઈએ ? કે એક તો એને વિચારથી દૃઢ નિશ્ચય, મક્કમ નિશ્ચય થવો જોઈએ કે, કોઈ પરપદાર્થ આ જ્ઞાનને માટે ઇષ્ટ પણ નથી, આ જ્ઞાનને માટે અનિષ્ટ પણ નથી. આ જ્ઞાન એટલે આ જ્ઞાનમય આત્માને માટે મારા જ્ઞાન માટે કોઈ ઠીક નથી, મારા જ્ઞાન માટે કોઈ અઠીક નથી. મારા જ્ઞાનમાં તો માત્ર જ્ઞાન જ છે. આ સિવાય મને ઠીક-અઠીકપણું જ્ઞાનમાં શું હોઈ શકે ? એવો નિર્ણય કર્યા છતાં ઠીકપણાની લાગણી–રાગ નહિ તૂટે જલદી.

પહેલા રાગનો રસ તોડવાની પ્રક્રિયા શરૂ થશે. અને રાગના વિષયમાં હંમેશા એમ જ બને છે કે પહેલા રસ મટે છે, પછી રાગ મટે છે. જીવને રાગમાં એકલો રાગ નથી થતો. પણ રાગના અત્યંત રસને રુચિ સહિતનો રાગ થાય છે. તો પહેલા એનો રસ અને રુચિ તૂટવી જોઈએ. તો રાગનો અભાવ થાય. નહિતર રાગનો અભાવ ન થાય. આ એનો એક નિયમ છે. 'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત'માં એક વિષય આવે છે કે રુચિ મટાડ્યા વિના તું ઉપયોગને અંદરમાં વાળવાનો કે સ્થિર કરવાનો પ્રયત્ન કરીશ નહિ. પણ તું સ્થિર ઉપયોગમાં આવી શકીશ નહિ, કેમકે જીવની રુચિ અને રસ પરપદાર્થ ઉપર પડ્યો છે. એમાં મમત્વ અને એકત્વ એણે સ્થાપી રાખ્યું છે. એમાં કાંઈ ફેરફાર થાય નહિ અને ઉપયોગ વળી જાય એવું તો કોઈ દિવસ બની શકે નહિ. અશક્ય છે. તો એ રસ તોડવાની આ પ્રક્રિયા છે કે નિશ્ચયમાં, વિચારપૂર્વકના નિશ્ચયમાં પણ કોઈ પરપદાર્થ ઇષ્ટ પણ નથી, કોઈપણ પરપદાર્થ અનિષ્ટ નથી. એવો એને દૃઢ નિશ્ચય હોય અને એ નિશ્ચય વર્તતો હોય ત્યારે પણ કોઈ પદાર્થનું ઉદયમાન પદાર્થનું ખાવું-પીવું આ બધા સંયોગ-વિયોગ થયા કરે છે ને ? જીવને અજીવ સંબંધી વ્યવહાર જે ચાલે છે. એમાં એને નિશ્ચય અનુસાર વર્તવાનો પ્રયાસ કરે છે. ત્યારે એ એમ અવલોકે છે કે આ ઠીકપણું લાગ્યું. પૂરણપોળી ખાધી ત્યારે ઠીકપણું લાગ્યું. મારા જ્ઞાનમાં શું આવ્યું ? જ્ઞાનમાં ગળપણ આવ્યું ? જ્ઞાનમાં ઘી આવ્યું ? જ્ઞાનમાં આવ્યું શું ? જ્ઞાનમાં શેનો પ્રવેશ છે ? કે જ્ઞાનમાં જાણવું થયું. જાણવા સિવાય જ્ઞાનમાં કાંઈ થયું નથી. તેથી અવલોકનમાં એમ અવલોકે કે હું જ્ઞાનસ્વભાવી છું તેથી સહજજ્ઞાનનું થવું એ સહજ છે. મારામાં જ્ઞાનનું થવું તે સહજ છે. તે જ્ઞાનમાં કોઈપણ પરપદાર્થ અને પરભાવનો પ્રવેશ નથી. એમ ભિન્ન પડવું. જુદાં પડવું. જુદાં પડવાનો વિચાર કરવો એમ નથી કહ્યું. જુદું પડવું એમ કહ્યું છે.

માણસ એમ કહે છે કે ભેદજ્ઞાન કરવું એમ અમે સમજ્યા છીએ એટલે ભેદજ્ઞાન કરવું એવો વિચાર આવે છે. પણ ભેદજ્ઞાન કરવું અને એ વિચાર અને ભેદજ્ઞાન એમાં તો ફર્ક છે. વિચાર પોતે ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાન કરવું એવો વિચાર પોતે ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાન તે ભેદજ્ઞાન છે અને ભેદજ્ઞાનનો વિચાર તે ભેદજ્ઞાનથી અન્ય પર્યાય છે. અહીંયાં એમ કહે છે કે ભેદજ્ઞાન કરવું. **'રાગથી ભિન્ન પડવું તે સાધન છે.'** એટલે એમાં શું કહેવું છે ? કે પોતાની હસ્તી પકડવી જોઈએ. રાગથી ભિન્ન હું છું. ખાલી નથી. જ્ઞાનાદિ ચૈતન્યસ્વભાવવાળો, ચૈતન્યસ્વભાવમય હું રાગથી ભિન્ન છું. રાગ થાય ત્યારે પણ રાગમય હું નથી. હું ચૈતન્યમય, જ્ઞાનમય છું. એમ ભિન્ન પડવું, ભિન્ન અસ્તિત્વ ગ્રહણ કરવું એને ભિન્ન પડવું એમ કહેવામાં આવે છે. એ સાધન છે. આ સિવાય બીજું કોઈ સાધન નથી. ભલે શરૂઆતમાં આવા પ્રયાસમાં પહલે ધડાકે સફળતા ન મળે. પણ આની વારંવારની પ્રેક્ટિસ, મહાવરો કરવામાં આવે, સર્વઉદયના કાળમાં ભેદજ્ઞાન કરવા માટે, ભિન્ન પડવા માટેનો પ્રયાસ કરવામાં આવે તો એ પ્રયાસની અંદર શું કાર્ય થયું ? કે જે ઉદયના કાળમાં એનો પરપદાર્થ પ્રત્યેનો રસ અને રુચિ તીવ્ર થતાં હતાં. એના બદલે એના ઉપર ફટકો પડે છે. પહેલો ઘા પડે છે. એ એના રસ ઉપર પડે છે. અને રસ ઉપર જે આ પ્રકારે ઘા પડે છે, આ પ્રકારે

રસ છૂટો પડે છે એ પાયાનું કામ છે. આ મૂળ પાયાનું કામ છે. આવું પાયાનું કામ થયા વિના ચણતરનું કામ કોઈ રીતે થાય એવું નથી. ધર્મનું જે ચણતર કરવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય. એ મૂળ પાયાનું કામ થયા વિના કોઈ રીતે થાય એવું નથી. આ પરિસ્થિતિ છે.

એટલે પરલક્ષીજ્ઞાન છે ત્યારે આત્મા સીધો જાણવો છે. એમ તું પુછે છો કે મને તો આત્મા જણાય નહિ. હું તો પરલક્ષીજ્ઞાનવાળો છું. મને ક્યાંથી આત્મા જણાય ? એમ વિચારવાને બદલે તું કામે લાગ એમ કહે છે. કયા કામે લાગ ? કે રાગથી ભિન્ન પડવાના કામે લાગવું જોઈએ. રાગથી ભિન્ન પડવામાં, પરપદાર્થથી ભિન્ન પડવાનો વિષય આવી જાય છે. કેમ આવી જાય છે ? કે રાગ છે એ પરપદાર્થ સંબંધિત પર્યાય છે. પરપદાર્થની સાથે સંબંધ રાખવાવાળો જીવનો વિકારી પર્યાય તે રાગ છે. રાગ એટલે પર અભિલાષ. અન્યની અભિલાષા. આમ તો પરપદાર્થ તો પરપદાર્થ જ છે. પરપદાર્થ તે સ્વપદાર્થ નથી. પરપદાર્થ તો પરપદાર્થ છે. જડ રજકણ, જડ રજકણમાં જ રહ્યા છે. જીવ પદાર્થ જીવ પદાર્થમાં જ રહેલો છે. બંને પોતપોતાના સ્વરૂપમાં અવસ્થિત હોવા છતાં. એટલે પોતાના સ્વચતુષ્ટયમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. સ્વચતુષ્ટયમાં અવસ્થિત હોવા છતાં એક રાગ એવી ચીજ છે કે જે સંબંધ કરે છે. બંનેને જોડે છે. રાગના માધ્યમથી જીવ પરપદાર્થ સાથેનું જોડાણ છે, જોડાણવાળો છે એમ ગણવામાં આવે છે. એ રાગથી જ ભિન્ન પડવું અહીંયાં તો એમ કહે છે. એ રાગને જ તોડવો. પરપદાર્થ પરપદાર્થમાં તો રહેલો જ છે. એ તને કાંઈ તારામાં આવીને નુકસાન કરે એ પરિસ્થિતિ તો છે નહિ. એ પરપદાર્થ તારા આત્મામાં આવે, પ્રવેશ કરે, સ્પર્શ કરે અને નુકસાન કરે કે લાભ કરે કે સુખ કરે કે દુઃખ કરે, એ તો પરિસ્થિતિ છે નહિ. ફક્ત એ સંબંધિના તારા કલ્પિત પરિણામો, સુખના, દુઃખના, લાભના, અલાભના, જે તે તારા કલ્પિત પરિણામો છે એમાં દુઃખ રહેલું છે. એ અજ્ઞાનભાવે થાય છે અને એનો રસ તને ત્યાં રોકી રાખે છે. એની રુચિ તને ત્યાં રોકી રાખે છે. અને તને તારું પોતાનું જ્ઞાન, સ્વસન્મુખતા અને તારામાં તન્મયતા અને લીનતા થવા દેતું નથી. આ પરિસ્થિતિ છે.

એટલે પહેલી વાત એ લીધી કે, **'રાગથી ભિન્ન પડવું તે સાધન છે.'** એટલે રાગથી ભિન્ન. જ્ઞાનમય એવા પોતાના સ્વરૂપનો અનુભવ કરવો, એ એક જ સાધન છે. પણ રાગમાં હુંપણે, એકત્વપણે ઊભેલો હોવાથી એને શરૂઆતથી રાગથી ભિન્ન પડવાનું કહેવામાં આવે છે. કે તું જ્યાં ઊભો છો, ત્યાંથી પાછા ફરવું છે. ત્યાંથી આ દિશામાં આવવું છે. રાગથી ભિન્ન પડવું એટલે દિશા ફેરવવી. પરિણામની દિશા બદલાયા વિના દશા બદલાય એવું કદી બનતું નથી. પહેલા દિશા બદલાય છે અને દિશા બદલાય તો દશા બદલાય છે. નહિતર પરલક્ષી પરિણામમાં ગમે તે ક્રિયા કરે, ચાહે તો શાસ્ત્રજ્ઞાનની ક્રિયા કરે, ચાહે તો શરીરની કોઈપણ વ્રત, નિયમ, સંયમ લઈને ક્રિયા કરે, પણ એ બધી ક્રિયા પરલક્ષી. પરની સાથે સંબંધ તોડવાને બદલે પરની સાથે સંબંધ જોડનારી હોવાથી લાભનું કારણ તે કદી થતી નથી. આ પરિસ્થિતિ છે.

એક દિવસ મહારાજસાહેબ (શ્વેતાંબર મહારાજ) આવ્યા હતા. અઠવાડિયું થઈ ગયું. આ (મુમુક્ષુભાઈ)ની સાથે. કહે સ્થિરયોગમાં આવવું છે એનો ઉપાય બતાવો. ભાઈએ વાત કરી હતી તમને કાંઈ જાણવું કરવું હોય તો આપણે કાંઈક સત્સંગ ગોઠવીએ. એમણે એક પ્રશ્ન કર્યો હતો. મારો એક પ્રશ્ન છે એમ. સ્થિરયોગમાં કઈ રીતે આવવું ? સ્થિરયોગ એટલે ઉપયોગ. સ્થિર એટલે આત્મામાં સ્થિર ઉપયોગ કેમ કરવો ? કહ્યું જુઓ ! આપણે ધર્મના ક્ષેત્રમાં બાહ્ય વ્યવસાયથી નિવૃત્ત લઈને અહીંયાં આવ્યા. એ તો પછી નિવૃત્ત થયેલા છે ને ?

હવે સ્થિરયોગ કરવો એટલે આત્મામાં ઉપયોગને સ્થિર કરવો. તો આત્મામાં ઉપયોગને સ્થિર કરવો એનો અર્થ જ કે પરપદાર્થમાંથી ઉપયોગને છોડાવવો. પરપદાર્થથી છોડાવો અને શુભાશુભ પરિણામથી પણ એને છોડાવો. ત્યારે જ આત્મામાં સ્થિર થાય ને ? તો આવી ભૂલ નથી થતીને ? આ જરા વિચારવું. કે આપણી જે કાંઈ ધર્મના નિમિત્તે, ધર્મના બહાને જે કાંઈ કરીએ છીએ, એમાં વધારે શુભરાગને દઢ કરીએ અથવા એ શુભરાગ અનુસાર મન-

વચન-કાયાના શુભયોગની જે ક્રિયા થાય, શુભયોગ અને શુભ ઉપયોગ. એને વધારેને વધારે કરવાનો કોઈ પ્રયાસ કરતા હોય અને એ જાતના જ બધા initiative લેતા હોય, એવું તો કાંઈ આપણે નથી કરતા ને. જો એમ કરતા હોઈએ, અને આપણે એવી અભિલાષા રાખીએ કે મારો ઉપયોગ આત્મામાં સ્થિર થાય તો સારું, કે જેનાથી જુદાં પડવું છે અને જેનાથી છુટા પડવું છે, એની સાથે તો વધુ દઢપણે એકમેક થવાના પ્રયત્નમાં ધર્મના નિમિત્તે એને સાધન માનીને એને કલ્યાણનું કારણ માનીને આપણે કરીએ, તો કોઈ રીતે કોઈ કાળે સ્થિરયોગ થવાનો પ્રશ્ન રહેતો નથી. ભેદજ્ઞાન એ એક જ આની ચાવી છે. મહારાજે એમ પૂછ્યું હતું.

મુમુક્ષુ :– ધર્મના બહાને એની પાસે એકત્વ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એના બહાને. ખરેખર તો ધર્મના બહાને જ એમાં એકત્વ થાય છે.

મહારાજનો પ્રશ્ન એ હતો કે ટૂંકી વાત કરવી. આના માટે ટૂંકું સાધન શું છે ? ટૂંકી ચાવી બતાવી દો. એ ટૂંકી ચાવી તો ભેદજ્ઞાન આના માટે પ્રસિદ્ધ છે. જુદું પડવું. સર્વપ્રકારના શુભાશુભ પરિણામથી ભિન્ન જુદું પડવું અને શરીરના મન-વચન-કાયાના યોગથી પણ જુદું પડવું, ભિન્ન પડવું એ એક જ એનું સાધન છે. અને એ પ્રકારના મહાવરાથી, એ પ્રકારના પ્રયત્નના અભ્યાસથી એમાં સફળતા મળે છે. ભલે પહેલે તબક્કે સફળતા ન મળે. સાથે વિચારો આવ્યા કરે પણ એનો વારંવાર પ્રયત્નનો અભ્યાસ, પ્રયત્નરૂપ અભ્યાસ થાય તો એવું ભેદજ્ઞાન થાય છે કે જેનું ફળ શુદ્ધ ઉપયોગ અથવા સ્થિર ઉપયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એ કહ્યું ને પહેલા નિશ્ચય તોડવો જોઈએ. નિશ્ચય તોડવો જોઈએ. આ પૂરણપોળી ખાધી ત્યારે એણે નિશ્ચયને પકડવો જોઈએ કે મેં શું નિશ્ચય કર્યો છે કે આ મને ઠીક લાગ્યું ? આમાં મારો શું નિશ્ચય છે ? જ્યારે ઉંધો પ્રયોગ થઈ રહ્યો છે ત્યારે એની ઉંધે ચાલવું. ઉંધાની ઉંધે સવળું થાય, તો સીધું થાય કે આમાં સારું શું ? જ્ઞાન થાય છે. રાગ થાય છે. ગળપણ, ઘી વગેરેનો સ્વાદ જ્ઞાનમાં જણાય છે. આમાં સારું શું છે ? અને ખરાબ શું છે ? કે જ્ઞાનમાં જાણવા સિવાય કાંઈ થતું નથી ને. જાણવું તે જ મારું કાર્ય છે. જાણવા પૂરતી જ મારી સીમા અને મર્યાદા છે. ઠીક-અઠીકપણું તો એક કલ્પનામાત્ર છે અને એ કલ્પના તો એના આગળના અનુભવથી સમજાશે કે એક, બે, ત્રણ, ચાર કેટલી પૂરણપોળી ખાશે ? જો સારી હોય તો એનું સુખ વધતું જવું જોઈએ. એક બટકું ખાતા સુખ થયું. પચાસ બટકા ખાતા પચાસમી વખત દુઃખ ન થવું જોઈએ ને ? પછી સુખ જ થવું જોઈએ અને સુખ જ વધવું જોઈએ. સુખની ઉત્તરોતર વૃદ્ધિ થવી જોઈએ. તો એને અનુભવને તો તપાસવો જોઈએ કે આની અંદર એક કલ્પના થાય છે. સારાપણાની કલ્પના થાય છે. કલ્પનાના સ્વરૂપને પણ વાસ્તવિક અવલોકન કરીને ઓળખે નહિ, સમજે નહિ. કલ્પનાનું કલ્પનાપણું પણ સમજે નહિ અને કલ્પનાને બદલે એને વાસ્તવિકતા સમજે કે ખરેખર આ સારું લાગે છે. ખરેખર આ ઠીક છે. ઠીકપણાની કલ્પના નથી પણ ઠીક છે, તો એ રસ ક્યારે તૂટે ? એ રસ ક્યારે પણ ન તૂટે.

તમામ પરિણામનો દોર અથવા આધાર સળંગ એક રસ ઉપર જ છે. જેમ જેમ રાગરસ જ્ઞાનાભ્યાસથી તૂટે તેમ તેમ જ્ઞાનરસ જામતો જાય. આમ એકસાથે ક્રિયા થાય છે. વારાફરતી નથી થતી. સાથે જ થાય છે. જેમ આમાં 'અનુભવપ્રકાશ'માં લીધુંને ? કે 'શબ્દ સાધક છે, અર્થ સાધ્ય છે. અર્થ સાધક છે અને જ્ઞાનરસ સાધ્ય છે.' આટલું લીધું. તો તને અર્થ તો સમજાય છે. મતિશ્રુતજ્ઞાનમાં અર્થ સમજાય છે, એમાંથી જ્ઞાનરસમાં આવવું જોઈએ. રાગરસ તૂટવો જોઈએ અને જ્ઞાનરસ વધવો જોઈએ. આમ થવું જોઈએ. બે લીટી છે.

**'પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો તે એક જ સાધન છે.'** પ્રજ્ઞાછીણી એવું અહીંયાં જ્ઞાનની પર્યાયને ઉપમા આપી છે. ઉપમા એટલા માટે આપી છે કે છીણી એ કટકા કરવાનું, બે કટકા કરવાનું, ટુકડા કરવાનું કામ કરે છે. એની ધાર છે એ તીક્ષ્ણ છે. શાસ્ત્રકારોએ આ બે પોઇન્ટ ઉપર જ્ઞાનની પર્યાયને પ્રજ્ઞાછીણીની ઉપમા આપી છે. 'સમયસાર'માં મોક્ષ અધિકારમાં... એણે શરીરનો

ત્યાગ થતાં સિદ્ધાલયમાં આત્મા ગમન કરે છે ત્યારે એને દ્રવ્યમોક્ષ પણ કહેવામાં આવે છે. એ દ્રવ્યે મોક્ષ કેવો હોય અને ભાવે મોક્ષ કેવો હોય. આચાર્યદેવે ત્યાં પ્રજ્ઞાછીણી અને ભેદજ્ઞાનનો વિષય એજન્ડા ઉપર લીધો છે. ભેદજ્ઞાનનો ચિતાર ત્યાં ખડો કર્યો છે. ભેદજ્ઞાનના પ્રયોગને બહુ અતિસ્પષ્ટપણે વર્ણવ્યો છે. કારણ ? કારણ એ કે મોક્ષનું મૂળ ભેદ વિજ્ઞાન છે માટે. 'અમૃતચંદ્રાચાર્ય' અને 'કુંદકુંદાચાર્ય'ની શૈલી છે કે જે વિષયને કહેવા ધારે છે, એના કારણ-કાર્યને સાંગોપાંગ ચર્ચે છે. આ એમની શૈલી છે.

૧૪૪ ગાથામાં શુદ્ધોપયોગની વાત લીધી. સ્થિર ઉપયોગ આત્મામાં કેમ થાય ? ત્યારે પહેલા એના કારણની ચર્ચા કરી. કે પહેલા તો દ્રવ્યશ્રુત દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. નિશ્ચયની નિશ્ચય કારણ છે અને શુદ્ધોપયોગ કાર્ય છે. એમ લીધું. એમ કારણ-કાર્યનો વિષય અનેક જગ્યાએ, એ ધ્યાનથી, એ દૃષ્ટિકોણથી જુઓ તો એ રીતે વિષયને ચર્ચ્યો છે.

**'પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે.'** જ્ઞાનની પર્યાય, રાગ અને જ્ઞાન વચ્ચે એકમેકપણું થઈ રહ્યું છે. એમાં રાગની મર્યાદા અને જ્ઞાનની મર્યાદા. પરિણામ રાગના અને જ્ઞાનના જ્ઞાનની સીમાને ભિન્ન-ભિન્ન જ્ઞાનમાં લે છે. બે વચ્ચે એકમેક, ભેળસેળપણું હતું. એના બદલે અહીંયાં રાગ છે ત્યાં જ્ઞાન નથી. જ્ઞાન છે ત્યાં રાગ નથી. એમ રાગ અને જ્ઞાનને ભિન્ન-ભિન્ન પાડનારી જ્ઞાનની સૂક્ષ્મતા, એને અહીંયાં પ્રજ્ઞાછીણી એવી ઉપમા આપવામાં આવી છે.

મુમુક્ષુ :- બે કરે છે અને ..

પૂજ્ય ભાઈશ્રી :- બે કારક કેટલું કાર્ય થાય છે ? તે રાગને ભિન્ન પાડે છે. અને જ્ઞાનમય એવા પોતાને અભિન્નપણે ગ્રહે છે આટલું કાર્ય કરે છે. રાગને ભિન્ન પાડે છે એમ પહેલા એટલા માટે એ ક્રમ કહે છે કે રાગમાં અભિન્ન થઈ રહ્યો છે એટલે એ ક્રમ કહે છે. વસ્તુતાએ અક્રમપણે જ્ઞાનમય એવા પોતાને અભિન્નપણે ગ્રહણ કરતા રાગથી ભિન્નપણું થઈ જાય છે. રાગથી ભિન્નપણું કરવા માટે રાગ તે ભિન્ન એમ જોવું પડતું નથી. જ્ઞાનના ગ્રહણમાં રાગનું ભિન્નપણું અનુભવમાં આવે છે અને બંને એક સાથે જ કાર્ય થાય છે. કહેવામાં ભલે આમથી કહે કે અહીંથી કહે. જ્ઞાનથી કહે કે રાગથી કહે. કાર્ય તો એક જ સમયમાં છે. એને પ્રજ્ઞાછીણી એવું સાધન કહેવામાં આવ્યું છે. એ પ્રજ્ઞાછીણીનું સાધન છે. આ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ.

બીજું એક પરલક્ષને સ્વલક્ષના વિષયમાં થોડોક વધારે દૃષ્ટાંતથી વિચાર કરીએ તો. કે જેમ કોઈ બીજાના, બીજાએ કહેલી વાત પોતા ઉપર ઓઢે છે, કે આ મને કહ્યું, મને સંભળાવ્યું. એમ પરપદાર્થ ઉપરથી સ્વપદાર્થ ઉપર પોતે આવી જાય છે. મને લાગ્યું, મને ચોંટ્યું, મને કહી દીધું, મને આમ ગમ્યું એવો એ અનુભવ કરવા લાગે છે. ત્યારે એને મને... મને... મને... મને... એમ પોતે લક્ષમાં રહે છે. એમ અહીંયાં જે રાગનો, જ્ઞાનનો, આત્માનો જે કાંઈ વિષય ચાલે છે-વાત ચાલે છે, એ વાતમાં એણે પોતાને લેવો જોઈએ. કે આત્મા જ્ઞાનમય એટલે હું જ્ઞાનમય. તો એણે જ્ઞાનના પ્રગટ લક્ષણથી, જ્ઞાનના પ્રગટ અનુભવથી એણે લક્ષ ફેરવવું જોઈએ. એણે જ્ઞાન ઉપર આવવું જોઈએ. જે પરલક્ષ છે એ એકલો રાગ અને રાગના વિષયમાં તન્મયપણું છે ત્યાંથી એને દિશાંતર કરવા માટે દિશા બદલવા માટે જો એમ કહેવામાં આવે કે ભાઈ ! તું રાગાદિ અને દેહાદિ સ્વરૂપ નથી. તું તો જ્ઞાનસ્વભાવી આત્મા છો. જ્ઞાનમય આત્મા છો તો એણે જ્ઞાન ફેરવ્યું છે એના ઉપર એણે આવવું જોઈએ કે નહિ ? લક્ષ ફેરવવું જોઈએ. પરલક્ષી જ્ઞાનમાં ભલે આત્મા નહિ જણાય. પણ પરલક્ષને ફેરવીને સ્વ ઉપર લક્ષ કરતા આત્મા જરૂર જણાશે. જરૂર જણાશે એમ નહિ. જણાયા વિના રહેશે નહિ અને જણાશે... જણાશે... જણાશે... અને જણાશે જ. આ પરિસ્થિતિ સ્પષ્ટ છે. એ બદલવા માટે એને એમ કહે છે કે તું રાગમાં એકાકાર થઈ રહ્યો છો, એ રાગથી ભિન્ન પડ. એ તો એક વિચાર આવ્યો. વિચાર મૂક્યો.

પણ જ્ઞાનમાં પોતાને જ ગ્રહણ કરતાં, જ્ઞાનમાં પોતાનું જ લક્ષ કરતા, પરલક્ષ છુટી જાય છે તેથી પરલક્ષી એવા મને આત્માનું જ્ઞાન કેમ થાય ? મને પરલક્ષી જ્ઞાનમાં આત્મા કેમ જણાય ? એ પ્રશ્ન તારો ઊભો રહેતો નથી.

એ અસમાધાન તારું અહીંયાં સમાધાનપણાને પામે છે. આ અસમાધાન છે કે હું ઇન્દ્રિયજ્ઞાનવાળો, હું પરલક્ષીજ્ઞાનવાળો, મને આત્મા કેમ જણાય ? આત્મા તો અતીન્દ્રિય સ્વરૂપે છે. અને અતીન્દ્રિય સ્વરૂપે જે આત્મા છે એ ઇન્દ્રિયજ્ઞાનમાં અને પરલક્ષમાં ન જણાય એ તો સ્પષ્ટ સમજણમાં જ આવ્યું છે. મને ક્યાંથી આત્મા જણાય ? ભાઈ ! તારું એવું મૂળ સ્વરૂપ નથી. પરલક્ષીજ્ઞાનવાળો એવો તું એ તારું મૂળ સ્વરૂપ નથી. અને એવો તું કાયમી છું એમ તારે સ્વીકારી લેવાની જરૂર નથી. એ પરલક્ષ પલટીને સ્વલક્ષ કેમ કરવું ? કે ભેદજ્ઞાન દ્વારા કરવું.

સર્વ ઉદયના કાળમાં ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવ હોય, સીધું જ્ઞાન ઉપર આવવું જોઈએ કે મને જ્ઞાન થાય છે. મારામાં જ્ઞાન થઈ રહ્યું છે અને જ્ઞાન થઈ રહ્યું છે ત્યાં કાંઈ બીજું થતું નથી. જેટલા જ્ઞાન ઉપરના આઘાત-પ્રત્યાઘાત છે એ માત્ર પ્રતિબિંબ છે. જ્ઞાનવજ્રને કાંઈ થાય એવું નથી. જ્ઞાન તો વજ્ર સમાન છે. એને કાંઈ થાય એવું નથી. જે કાંઈ એક્શન-રિએક્શન, આઘાત-પ્રત્યાઘાત જે કાંઈ છે એ તો માત્ર જ્ઞાનની સ્વચ્છતામાં પ્રતિબિંબમાત્ર છે. જ્ઞાનને કાંઈ થાય છે–લાભ થાય, નુકસાન થાય, હરખ થાય, શોક થાય એ જ્ઞાનમાં થઈ શકતું નથી. એમ જો એ વારંવાર રસ તોડે. જે ઉદયમાં હોય તે ઉદય સંબંધિત રસ તોડે, અને પોતે જ્ઞાનમય છે એમ અનુભવ કરવાની કોશિશ કરે, પ્રયાસ કરે. ભલે અનુભવ ન થાય પણ પ્રયાસ તો થાય ને. તો અનુભવનો પ્રયાસ તે અનુભવનું કારણ છે. અથવા અનુભવનો પ્રયાસ અનુભવરૂપી ફળને ઉત્પન્ન કરે છે. અને એ સિવાયનો કોઈપણ પ્રયાસ, કોઈપણ ક્રિયા અનુભવરૂપી ફળને લાવી શકતું નથી. અને આ એક અનુભવ એવી ચીજ છે કે જે ભવભ્રમણના અભાવનું નિયમબદ્ધ કારણ છે. નિયત કારણ છે. ભવના અભાવનું ત્રણેકાળે કોઈ નિયતકારણ હોય. જે કારણ છે એટલે એને નિયત કહેવામાં આવે છે. નિયત એટલે ફેર (વિનાનું). જેમાં ફેરફાર ન થાય. નિયમબદ્ધ હોય એને નિયત કહેવામાં આવે છે. એ એક જ કારણ છે.

મુમુક્ષુ :– રાગની ઉત્પત્તિ પણ થઈ રહી છે અને રાગનું જાણવું પણ થઈ રહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– રાગની ઉત્પત્તિ જ્ઞાનમાં થતી નથી. ઉત્પન્ન થયેલો રાગ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા જણાય છે. પ્રતિબિંબ પડે, એ જણાય છે એમ કહેવામાં આવે છે. જે પદાર્થનું, જે ભાવનું જ્ઞાનના પડદા ઉપર પ્રતિબિંબ પડે છે. જ્ઞાન એ જ્ઞાનદર્પણ એવી ચીજ છે કે જેમાં પ્રતિબિંબ આવે છે. ચૈતન્યદર્પણ છે એટલે જણાય છે એમ કહેવામાં આવે છે. પણ લક્ષ જો રાગ ઉપર હોય તો જ્ઞાન અનુભવમાં આવતું હોવા છતાં પ્રતિબિંબવાળુ પણ જ્ઞાન અનુભવમાં આવતું હોવા છતાં એ એમ મિથ્યા આભાસથી અનુભવ કરે છે કે ખરેખર મને પરચીજ અથવા રાગ મને થાય છે. ઠંડી મને લાગે છે અને રાગ મને થાય છે એમ એને અનુભવ થાય છે. એમ ખરેખર એને લાગે છે. અનુભવ થાય છે એટલે ખરેખર એમ એને અનુભવાય છે ? ખરેખર એમ નથી. એ ભ્રાંતિગત સ્થિતિ છે.

જો એ એકલા જ્ઞાનને અવલોકે, એકલા જ્ઞાનને અવલોકે તો જ્ઞાનની અંદર જ્ઞાનાનુભવ રહ્યો છે. શું છે ? જો એકલા જ્ઞાનને અવલોકનમાં લે તો એમાં જ્ઞાનનો અનુભવ રહ્યો છે. જ્ઞાનનો રસ રહ્યો છે. ટૂંકામાં અનુભવરસ રહ્યો છે. જ્ઞાનરસ કહો કે અનુભવરસ કહો. તો એને એ રસ કેળવવો જોઈએ. એ રસની કેળવણીનો એક તબક્કો, એક સ્ટેજ એવું આવે છે કે જેમાં એકાકારપણે જ્ઞાનમાં, જ્ઞાનનો ઉપયોગ સ્થિર થાય છે અને ત્યારે રાગની ઉત્પત્તિ હોતી નથી, થતી નથી. ત્યારે સમ્યગ્દર્શનમાં રાગનો પ્રથમ અભાવ થયો અને મોક્ષમાર્ગ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. અને એ અત્યંત જ્ઞાનરસના પ્રવેશમાં અત્યંત-અત્યંત આગળ વધતા કેળવતા... કેળવતા... કેળવતા... એકદમ એકાકારપણે માત્ર જ્ઞાનનો અનુભવ રહે છે અને રાગની ઉત્પત્તિ થતી નથી. એને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. એને સાધન કહ્યું. એને પ્રજ્ઞાછીણી એમ કહેવામાં આવે છે. બાકી કોઈ સાધન નથી.

શાસ્ત્રનો સ્વાધ્યાય પણ સાધન નથી. અને બીજા કોઈ વ્રત, નિયમ, સંયમની અને માળા, પૂજા અને દાનની, દયાની, જાત્રાની કોઈ ક્રિયા સાધન નથી. માત્ર તે તે

પરિણામો ઉપર સાધનનો વ્યવહાર અથવા ઉપચાર કરવામાં આવ્યો છે. તે પણ તેવા જીવો અને સંબંધમાં કે જે જીવોએ આવો શુદ્ધોપયોગ પ્રગટ કર્યો છે તેવા જીવોના સંબંધમાં. બીજાને તો સાધનનો ઉપચાર પણ લાગુ પડતો નથી. મૂળમાં અનુપચાર પર્યાય પ્રગટી નથી એને ઔપચરિક પર્યાયનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- સ્વરૂપરસ કેળવણીથી...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનરસ કેળવવો જોઈએ. જ્ઞાનરસ. એટલે તો કહ્યું કે અર્થ સાધક છે અને જ્ઞાનરસ સાધ્ય છે. અર્થમાંથી એને જ્ઞાનરસ આવવો જોઈએ. આત્મા શબ્દ કહ્યો, જ્ઞાન શબ્દ કહ્યો, એનો અર્થ ભાસીને એમાંથી આત્મરસ અને જ્ઞાનરસ એણે કેળવવો જોઈએ. સાધ્ય થવો જોઈએ. કેળવવો કહો કે સાધવો જોઈએ એમ કહો.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ બધી વ્રત, તપ, જપની ક્રિયાઓ કરે એને શું કહેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જડની ક્રિયા. એમાં આત્માની ક્રિયા નથી પણ એ બધી જડની ક્રિયા છે. એ જડની ક્રિયાથી ચૈતન્યની ક્રિયા થતી નથી. એકલું પરલક્ષીજ્ઞાન હોય અને એકલો રાગ હોય એ રાગને ઘૂંટે. પરલક્ષીજ્ઞાનને જોડી જોડીને રાગને ઘૂંટે અને રાગને એકત્વપણે દઢ કરે. એમાં કદી લાભ ન થાય એ બધું નુકસાનનું કારણ છે. એ નુકસાનનો વેપાર છે, એ લાભનો વેપાર નથી. આત્માને લાભનું કિંચિત્‌માત્ર કારણ નથી. પણ પાણીકાયના હણાય, જોવે છે, દૃષ્ટિ પાણીકાય હણાય, છે ને ? એટલે તર્ક એમ આવે છે.

સંસારમાં સંસારીજીવો તો પાપમાં પડ્યા છે. ધંધો, વેપાર, કારખાના, બીજું, ત્રીજું, આ, તે. છેવટે કાંઈ નહિ તો ગૃહસ્થાદિમાં વ્યવસાયમાં, ઉદયમાં છકાયજીવનો છે કે નહિ ? પાણીકાયના હણાય, પૃથ્વીકાયના જીવો, વાયુકાયના, હણાય.. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય, પંચેન્દ્રિય જીવોની હિંસા થાય. ત્રસ, સ્થાવરની જે હિંસા થાય છે એના કરતા શુભયોગમાં રહે તો એ જીવોની હિંસા પળાય. એના કરતા તો ઠીક ને. ઓલા કરતા હોય એના કરતા તો આ ઠીક ને. ભાઈ ! તારી નજર નીચે છે. નીચદૃષ્ટિથી કદી ઊંચે અવાતું નથી. નીચેવાળાથી હું સારો, નીચેવાળાથી હું સારો, નીચેવાળાથી હું સારો. એ વાત યોગ્ય નથી. કોઈ માણસ અત્યારે વાણિયાના કુળમાં જન્મ્યો છે એ એમ વિચાર કરે કે હું વાઘરી કરતા સારો, હું ઢેઢ કરતા સારો, હું ચમાર કરતા સારો, હું ભંગી કરતા સારો. હેં ! એમ વિચાર કરે છે ? એનો શું અર્થ છે ? એનો કાંઈ અર્થ નથી. મારા કરતા જે સારા છે એના ઉપર દૃષ્ટિ રાખીને હું સારો થવાનો પ્રયત્ન કરું. નીચેવાળા કરતા હું સારો છું. એમ સારાપણાનું કોઈ અભિમાન કેળવવા જેવું નથી.

એમ જ્યારે કોઈ શુભોપયોગને છોડીને શુદ્ધોપયોગમાં આવવાનો શાસ્ત્રની અંદર આચાર્યનો, ભગવાનનો જે કોઈ ઉપદેશ છે ત્યારે નીચી દૃષ્ટિના પોઇન્ટને મુખ્ય કરે, એ મુદ્દાને મુખ્ય કરે, કે ઓલા કરતા તો સારો અને ઓલા કરતા તો સારો, એટલું તો કરે જ છે. તો એ જે ત્યાં કહેવા ધારે છે એના ઉપર એનું લક્ષ ન આવે અને નીચી દૃષ્ટિથી પરિણામની સ્થિતિ નીચે જાય છે. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. દૃષ્ટિ નીચે હોતા પરિણામની સૃષ્ટિ નીચી. નીચ પર્યાયોનું સર્જન થાય છે એમ કહે છે. એટલે એમ વિચારવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- જ્ઞાનમાં રાગ જણાય છે....

પૂજ્ય ભાઈશ્રી :- જીવની પર્યાયમાં રાગ પણ થાય છે. જીવની પર્યાયમાં જ્ઞાન પણ થાય છે. એ વાત આપણે લીધી. ઠીક છે. હવે હુંપણું ક્યાં થાય છે એ સવાલ છે. એટલી વાત આપણે ઠીક લાગે. જીવની પર્યાયમાં રાગ થયો. જ્ઞાન પણ જીવની પર્યાયમાં થયું ને ? હવે તને હુંપણું ક્યાં થાય છે ? આ અવલોકનનો વિષય છે. હુંપણું થાય છે ત્યાં પોતાની હસ્તિ વેદાય છે. તો અહીંયાં જે શીખવાનું છે એ એટલું જ છે કે તારું અસ્તિત્વ જ્ઞાનમય છે. તું જ્ઞાનસ્વભાવી હોવાથી તારું અસ્તિત્વ જ્ઞાનમય છે. તું ધ્યાનથી જો તો જ્ઞાનમાં હું... હું... હું.. હું... હું.. હું... હુંપણું તારું તને જ્ઞાનમાં જણાશે. અને જો તને જ્ઞાનમાં હુંપણું જણાશે, તો તે જ કાળે થતાં રાગાદિથી તને તારું ભિન્નપણું જણાશે. કે આ રાગ થતો જણાય છે, પણ જ્ઞાનમાં એટલે મારામાં અને મારામાં એટલે જ્ઞાનમાં થતો જણાતો નથી. કેમ કે બંને

એક નથી.

જેમ અંધકાર અને પ્રકાશ એક નથી. એમ જ્ઞાનપ્રકાશ અને રાગઅંધકાર બે એક નથી. બેની જાતિ જુદી છે. લ્યો ચાલો એક વિષય આમાંથી નીકળ્યો છે કે આ જે રાગ અને જ્ઞાન, બેને ભિન્ન પાડવાનું, અવલોકનથી ભિન્ન જોવું, ભિન્ન-ભિન્ન છે એને ભિન્ન અવલોકન કરવા. અને અવલોકનમાં હુંપણું ક્યાં થાય છે એનું અવલોકન કરવું. દાખલા તરીકે જે શરૂઆત કરે છે એને એમ લાગે છે કે રાગ તે હું એવું મને જણાય છે. કે જ્ઞાન છે કે નહિ એમાં ? રાગ તે હું એવું કોને જણાયું ? કે જ્યાં જ્ઞાન થયું એને જણાયું. જણાયું એમાં જ્ઞાન તો આવ્યું કે નહિ ? તો આમાં જ્ઞાન પણ છે અને રાગ પણ છે. હવે બે જુદાં જુદાં પ્રકારના પર્યાયો છે, જુદી જાતના પર્યાય છે તો આ સાધ્યસાધકના બોલમાં એક બહુ માર્મિક વાત લીધી છે, કે રાગ અને જ્ઞાનની ભિન્ન-ભિન્ન જાતિ થવી તે સાધક છે. આમ લીધું છે. સ્વભાવ અને વિભાવ છે. એમાં અને એમાં સ્વભાવ સાધ્ય છે.

બે ભિન્ન છે. બેને અવલોકવા જતાં બંનેની જાતિનો અભ્યાસ થાય છે. મહાવરામાં જાતિનો અભ્યાસ થાય છે ત્યારે સ્વભાવજાત અને વિભાવજાત જાતિ જ્યારે સધાય છે. ત્યારે એમાંથી સાધ્ય જે છે એ સ્વભાવ આવે છે. એટલે બેની જાત છે એ એક થઈ ગઈ છે. રાગ તે હું એમાં બે જાત નથી રહેતી. એને પ્રકાશ અને અંધકારની ભિન્ન-ભિન્ન જાતિ ઓળખાતા, એ ઓળખાણ થવું તે સાધક છે અને સ્વભાવમાં એકાકાર થવું તે એને સાધ્ય છે. પણ પહેલા એને ભિન્ન-ભિન્ન જાતિ તો ઓળખાય. ઓળખાણ પણ ભેદજ્ઞાનના પ્રયોગથી જ આવે છે અને અનુભવ પણ ભેદજ્ઞાનના પ્રયોગથી આવે છે. અનુભવની વૃદ્ધિ અને શુદ્ધતાની વૃદ્ધિ એ પણ ભેદજ્ઞાનથી થાય છે. અને પૂર્ણ મોક્ષદશા, પૂર્ણશુદ્ધિ પણ ભેદજ્ઞાનથી થાય છે. આદિથી અંત સુધી આ ભેદજ્ઞાન એ એક જ સાધન છે. એટલે તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' લીધું છે. ક્યાં સુધી ભેદજ્ઞાનને ભાવવું ? કે યાવત જ્ઞાન જ્ઞાને પ્રતિષ્ઠિતે. જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સારી રીતે સ્થિર ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનને સતતપણે ભાવવો. અછિન્નધારયા એવો શબ્દ વાપર્યો છે. છેદ પડ્યા વિના અછિન્નધારયા. એટલે એમ કહ્યું કે, ક્યારેક તું વિચાર કર એવો તને પ્રયાસ–એક વિચાર આવી ગયો ભેદજ્ઞાનનો ત્યારે તું એમ માન કે મેં ભેદજ્ઞાનનો પ્રયત્ન તો કર્યો. એમ નહિ. સતત વિચાર નહિ પણ સતત પ્રયાસ. વિચારથી આગળ અવલોકનનો સતત અભ્યાસ, સતત પ્રયાસ. વારંવાર ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે, ઉદયે-ઉદયે, સર્વ ઉદયના પ્રસંગમાં થયા કરે તો એને જ્ઞાનજાતિ અને રાગજાતિ બંનેની જાતિ જુદી જુદી ઓળખાશે. એ જાતિ ઓળખાવી તે સાધક છે અને નિર્વિકલ્પ ઉપયોગ થવો તે એનાથી સાધ્ય છે.

મુમુક્ષુ :– આ જાતિ ઓળખાવી તે વિકલ્પમાં થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનમાં થાય છે. વિકલ્પમાં નહિ. જ્ઞાનમાં જાતિ ઓળખાય છે કે આ જ્ઞાનજાતિ છે, એ સ્વભાવસ્વરૂપ છે. આ રાગજાતિ છે, એમાં વિભાવસ્વરૂપ છે. પછી એ વિભાવના રૂપ ગમે તેટલા હોય. રાગ, દ્વેષ, મોહ, રતિ, અરતિ, હરખ, શોક એ બધા એના ગમે તેટલા વિધવિધ પ્રકાર હો પણ બધા વિભાવ છે. એમ સ્વભાવ અને વિભાવ ભિન્ન-ભિન્નપણે ઓળખાવા જોઈએ.

મુમુક્ષુ :– આત્મામાં ઊગતા પરિણામો તે વિભાવ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– ઊગતા પરિણામને વિભાવ તો એટલા માટે કહે છે કે જે ત્રિકાળી સામાન્ય સ્વભાવ છે, એનાથી વિશેષભાવ છે. સામાન્ય અને વિશેષ. સામાન્યભાવ તે પારિણામિકભાવ અને વિશેષભાવ તે ચારે પ્રકારના પરિણામ, ચારે ગતિના પરીણામ તેને વિભાવ કહે છે. વિશેષભાવ. ચારમાં તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક આવી જાય છે. બધાને વિભાવ કહેવાય. એ વિભાવ નહિ પણ વિભાવ એટલે અહીંયાં વિકારીભાવ. અને સ્વભાવ એટલે અવિકારભાવ એમ. વિકાર અને અવિકારની અપેક્ષાએ અને સ્વભાવ એને વિભાવ કહેવામાં આવે છે. એમ ઓળખવા જોઈએ. વિભાવ એટલે વિશિષ્ટ પરિણામ એમ નહિ અહીંયાં.

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૩૪ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૧૧-૦૮-૧૯૯૧

એક મુમુક્ષુએ લખ્યું છે કે, વાંચન-વિચારમાં શું કરવું ?

**“આપને વાંચન-વિચારણા વાસ્તે લિખા સો ત્રિકાલી અખંડ જ્ઞાનાનંદ સ્વભાવમેં અસ્તિત્વરૂપી શ્રદ્ધાકી યથાર્થ વ્યાપકતા નિરંતર કાયમ રહે, જહાંકે અનુભવમેં પરિણામ માત્રકે અકર્તાપનેકા સહજ અનુભવ હોતા રહે....”** (હવે) કેવી રીતે અનુભવ થાય ? (તો કહે છે કે), **“પરિણામકા કર્તા પરિણામ અંશ હૈ, ‘મૈં’ ત્રિકાલી અંશ નહીં.”** આ કર્તા-કર્મમાં બે કારક આવ્યા. (પણ એમાં તો) એક કારક આવે કે બે કારક આવે, છએ કારક સાથે જ રહે છે. કોઈ કારકમાં એક કારક હોય ને બે ન હોય અને પાંચ (કારક) હોય ને એક ન હોય, એવું બનતું નથી. એક કારક હોય ત્યાં છએ કારક હોય. બે કારક હોય ત્યાં પણ છએ કારક હોય.

(અહીંયા કહે છે કે), પરિણામ પોતે જ કર્તા અને પરિણામ પોતે જ કર્મ, હું ત્રિકાળી નહિ, એ લેવાં માટે એ વાત કરી છે. શું કરવાં એ વાત લીધી છે ? કે, હું કોઈ પરિણામ નહિ. ન હું પરિણામનો કર્તા, ન પરિણામ તે મારું કર્મ, ન પરિણામ તે મારું સાધન. આવી રીતે પર્યાયનું એકત્વ તોડવાની આ વિધિ છે. પર્યાય ઉપરથી એકત્વ ઉઠાવી લેવાની આ વિધિ છે. જો પર્યાયમાંથી એકત્વ છૂટે તો પર્યાયમાં થતા વિભાવ અંશ ઉપરનું પણ એકત્વ છૂટે તો વિભાવઅંશના વિષયભૂત પંચેન્દ્રિયના વિષય ઉપરની પણ તન્મયતા છૂટે.

આમ તો જીવને ખબર ક્યારે પડે છે ? કે, પરવિષયમાં તન્મય થાય છે ત્યારે. જ્યારે જીવ પરવિષયમાં તન્મય થાય છે ત્યારે તે તીવ્ર ચીકણા પરિણામે વિકારમાં પરિણમે છે. અને એ વિકાર જીવની શક્તિને અશક્તિમાં ફેરવે છે. જીવની શક્તિ જે પરિણમે છે એને અશક્ત કરે છે. અને અશક્ત થતો-થતો, જ્ઞાન મટતું-મટતું, અવરાતું-અવરાતું નિગોદ સુધી ચાલ્યો જાય છે. મૂળમાં તો ક્યાં સુધી એની Line ચાલે છે ? કે, પરદ્રવ્યમાં તન્મય થવાં સુધી જાય છે. જો એક સમયની પર્યાયમાં તન્મય થાય તો રાગમાં તન્મય થાય તો રાગના વિષયમાં તન્મય થાય. એને રોકી ન શકાય. આખી Line સંધાઈ જાય.



હવે, ધર્મના ક્ષેત્રમાં જે જીવો આવે છે, એ આવી ઊંડી વાત નથી સમજતાં એટલે શું કરે છે કે, પરવિષયમાં–પંચેન્દ્રિયના વિષયમાં તન્મય થાવું પડે છે ને ! આપણાંથી મીઠાઈ વધારે ખવાય જાય છે ને ! એટલે મીઠાઈનો રાગ તીવ્ર થઈ જાય છે ને (તો) આપણે મીઠાઈની બાધા લઈ લ્યો. (આમ) જીવ પરવિષય છોડવા માંડે છે. શરૂઆત ક્યાંથી કરે છે ? કે, સ્થૂળપણે પરવિષયને છોડવાથી શરૂઆત કરે છે. આપણે પરવિષયનો ત્યાગ કરી દો એટલે આપણાં પરિણામ ન ખેંચાય. એવી રીતે પરવિષયનો સંયોગ છૂટતાં પરવિષય સંબંધી પરિણામ મટાડી શકાતા નથી. જો એ પરિણામ મટાડવાં હોય તો જ્યાં એ પરિણામ થાય છે એ પરિણામની ભૂમિકાને એકવાર ભિન્ન પાડી દો, એમ કહે છે. આ જૈનદર્શનનો ઉત્કૃષ્ટ પારમાર્થિક ન્યાય છે !! અહીંથી જુદું પાડો, એક સમયની પર્યાયને જુદું પાડી દો ! કોઈ કહે કે, સર્વથા જુદી પાડીએ તો ? તો કહે છે, એકવાર સર્વથા જુદી પાડો ને !! કેમકે દૃષ્ટિ સર્વથા (પર્યાયને) વિષય કરતી નથી. (એટલે) શ્રદ્ધામાં તો એમ જ કરવું પડશે. પછી જ્ઞાનની અંદર એનો સંબંધ કેટલો ? કઈ અપેક્ષાએ ? સંબંધ કેટલો અને કઈ અપેક્ષાએ એ પછી સમજાવાં માંડશે, એ પહેલા નહીં સમજાય. શ્રદ્ધા (સમ્યક્) થયા પહેલા જ્ઞાન પ્રમાણ થતું નથી. શ્રદ્ધાના કાળમાં જ જ્ઞાન પ્રમાણ થાય છે. એ પહેલાં જ્ઞાન પ્રમાણ થતું નથી.

મુમુક્ષુ :- જીવ જે ભૂલ કરે છે એ ત્યાં ભૂલ કરે છે કે, દૃષ્ટિને જુદી પાડવાને બદલે એના વિષયને જુદી પાડે છે જે પર છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ એટલે અહીંયા શું શ્રદ્ધા લેવી છે ?

મુમુક્ષુ :- હા, શ્રદ્ધા લેવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- (હવે), શ્રદ્ધા શું કરે છે ? કે, શ્રદ્ધાનું શુદ્ધ સ્વરૂપ તો પોતાના સ્વરૂપને શ્રદ્ધવું તે જ છે. અને

પોતાનું સ્વરૂપ તો ત્રિકાળી અનંત ગુણનો પિંડ પરમપારિણામિકભાવ એકરૂપ છે. હવે એ શ્રદ્ધા તો એની પાસે અનાદિથી નથી, એટલે એને જે શ્રદ્ધા છે એ એક સમયની પર્યાયની છે. (એટલે કે) એટલો ને એવડો હું (એમ શ્રદ્ધે છે). ત્યાંથી એણે એનું અસ્તિત્વ (માનવાનું) શરૂ કર્યું. તો એટલો ને એવડો હું, થતાં શું થયું ? કે, અનેક (પ્રકારનો) કર્મોદય તો અનાદિથી ચાલ્યો આવે છે, એના નિમિત્તે (જ્ઞાનમાં) જે કાંઈ વિભાવનો ફોટો પડે છે, પોતાને ભૂલીને જે વિભાવ થાય છે એમાં હું પણું થઈ જાય છે. કેમકે એ પર્યાયમાં થાય છે. એક સમયની પર્યાય જેટલો હું અને વિભાવ એનો (એક સમયની) પર્યાયમાં થાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પર્યાયમાં ભજે છે. એટલે એની અંદર ભાન ભૂલેલો જીવ પછી જે પરવિષય છે એમાં પણ હું પણું કરે છે. આ શરીર મારું, આ મકાન મારું, આ કુટુંબ મારું, આ સમાજ મારો, આ બધું મારું, આબરુ-કીર્તિ (મારી), આ બધું મારું...મારું...ને મારું.... ત્યાં સુધી એની એ શ્રદ્ધા એને લઈ જાય છે. બધાં ગુણો શ્રદ્ધાને અનુસરે છે. જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ બધાં (શ્રદ્ધાને અનુસરે છે). એટલે આખો સંસાર આ રીતે ચાલે છે. એટલે જે ન સમજ્યા (એ લોકોએ શું કર્યું) ? કે, આપણને વિભાવ કેમ થયો ? કે, આ લાડવા ખાવાથી થયો, તો કહે આ મીઠાઈનો ત્યાગ કરો. ખાવાનો રાગ છોડવો હોય તો ઉપવાસ કરો. એમ એક પછી એક બધા ત્યાગ શરૂ કરે છે. પરિણામમાં (વિભાવ) ઉત્પન્ન કેવી રીતે ન થાય, એનું વિજ્ઞાન નથી એટલે અહીંથી ઊંધેથી શરૂ કરે છે.

મૂળમાં તો ત્યાંથી શરૂ કરવું જોઈએ કે, સ્વરૂપની શ્રદ્ધા કરે, એક સમયના પરિણામને તેના છએ કારકોથી જુદાં પાડે અને જો પર્યાયનું એકત્વ તોડે તો પર્યાયના વિકારથી ભિન્નતા થાય. નહિતર રાગ અને જ્ઞાન જુદાં ન પડે. રાગ અને જ્ઞાન જુદાં જ ન પડે.

મુમુક્ષુ :- અજ્ઞાની અરીસાનું દળ અને પ્રતિબિંબ બન્નેમાં ભેળસેળ કરે છે કે જે સર્વથા ભિન્ન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બન્નેમાં ભેળસેળ કરી નાખે છે કે જે સર્વથા ભિન્ન છે. દળ પ્રતિબિંબરૂપ થાય નહિ ને પ્રતિબિંબ દળરૂપ થાય નહિ, (જો એમ થાય તો અરીસાનો) નાશ થઈ જાય. આમ છે. ચૈતન્યદળને જુદું પાડવાની વાત છે. દળથી જુદો કર, એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞેયભાવરૂપ અંશને ગૌણ કરે અને જ્ઞાનભાવને મુખ્ય કરે તો પર્યાયથી છૂટો પડે ?

પૂજ્ય ભાઈશ્રી :- (જ્ઞાનભાવથી) સરીને સ્વભાવ સુધી જવું જોઈએ. માત્ર પર્યાયઅંશને ન લેતા જે જ્ઞાન છે એ સ્વભાવ આકારે છે એટલે ત્યાંથી સ્વભાવનું ગ્રહણ થઈ જવું જોઈએ. જ્ઞાનમાંથી જ્ઞાનસ્વભાવનું ગ્રહણ સહજ જ થાય છે. જેમકે જ્ઞેયાકાર જ્ઞાન ઉપરથી શું થાય છે ? કે, જ્ઞેયનું ગ્રહણ સહજ થઈ જાય છે. જ્ઞેયાકાર જ્ઞાનમાં શું થાય છે ? કે, જીવ જ્ઞેયાકાર જ્ઞાનમાં આસક્ત થાય એટલે જ્ઞેય ઉપરની આસક્તિ કરવા માટે નવું કાંઈ કરવું નથી પડતું સીધો જ પરદ્રવ્ય ઉપર ચાલ્યો જાય. એમ જો જ્ઞાન ઉપર આવે તો સીધો જ સ્વદ્રવ્ય ઉપર ચાલ્યો જાય. એની Technique એ રીતે છે. એ આપોઆપ જ છે. બહુ ટૂંકું કહેવું હોય તો એમ કહે કે, રાગને છોડ અને જ્ઞાનને પકડ. જ્ઞાનને પકડ એમ કહેતાં સ્વભાવને પકડ એમ કહેવું છે. જ્ઞાનસ્વભાવને પકડ, પર્યાયઅંશને નહિ, એમ કહેવું છે. સ્વભાવનું ગ્રહણ થતાં પર્યાયત્વનું ગ્રહણ જે અનાદિથી છે એ મિથ્યાત્વરૂપ છે. 'પર્યાયમૂઢા પર સમયા' એ છૂટી જાય છે. એ છૂટવું જોઈએ, બસ !

એવું જ્યારે પરિણમન થાય કે, ''**પરિણામકા કર્તા પરિણામ અંશ હૈ, 'મૈં' ત્રિકાલી અંશ નહીં. ઇસ પ્રકારકે...**'' (અર્થાત્) આવા પ્રકારે જ્યારે પરિણમન ઉત્પન્ન થયું પછી, ''**...એક હી સમયમેં પરિણામકા કર્તા વ અકર્તાપનેકે...**'' બન્ને એના ગુણ છે. કર્તાપણાનો પણ ગુણ છે અને અકર્તાપણાનો પણ ગુણ છે. (એમ તો) કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ (આદિ બધાં ગુણો છે). અને અકર્તાસ્વભાવ તો છે જ. પણ એમાં રાગાદિનો પણ અકર્તા છે અને એક સમયના પરિણામનો પણ અકર્તા છે. બન્ને રીતે અકર્તાપણું છે. એ બધો અનુભવ એકસાથે થશે. એટલે પ્રમાણનો વિષય ત્યારે જ સમજાય છે. જ્યારે એ પોતાના શુદ્ધ સ્વરૂપમાં શ્રદ્ધાની વ્યાપકતા કરશે અને અનુભવ કરશે કે, હું, એક સમયના પરિણામનો ત્રિકાળી અંશ છું એ હું કર્તા નથી. એમ જ્યારે એને આવશે ત્યારે એ વખતે જ્ઞાન પ્રમાણ થશે અને ત્યારે કર્તા અને અકર્તાપણાનું જ્ઞાન યથાર્થ થશે. ત્યાં સુધી નહિ થાય. ત્યાં સુધી હું અકર્તા

પણ કેવી રીતે અને કર્તા પણ કેવી રીતે, એ બન્ને વાત નહીં સમજાય. કેમકે બન્ને વિરૂદ્ધ શક્તિ છે. કર્તાપણું અને અકર્તાપણું વિરૂદ્ધ ધર્મત્વપણે છે. તો વિરૂદ્ધધર્મત્વ એક પદાર્થમાં કેવી રીતે રહે ? તો કહે છે, રહે છે. પણ એ કેમ સમજવું ? તો કહે છે, આ રીતે સમજવું. ભિન્ન પડીને - પર્યાયથી ભિન્ન પડીને (સમજવું).

મુમુક્ષુ :- પરિણામકા કર્તા પરિણામ અંશ હૈ, મૈં ત્રિકાલી અંશ નહિ – આ બરાબર ન સમજાણું. મૈં ત્રિકાળી અંશ નહીં, એમ કેમ લખ્યું છે ? ખરેખર તો મૈં ત્રિકાલી હું, એમ છે એને બદલે મૈં નહિ, એમ કેમ લખ્યું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મૈં ત્રિકાલી અંશ પરિણામકા કર્તા નહિ, એમ કહે છે. પરિણામકા કર્તા પરિણામ અંશ હૈ, મૈં ત્રિકાલી અંશ પરિણામકા કર્તા નહીં હૂં. એટલું અધ્યાહાર રહે છે. કારણકે આખું વાક્ય છે ને ! એક જ વાક્ય છે એટલે ફરીને લખવાની જરૂર નહિ. હું ત્રિકાળી અંશ પરિણામનો કર્તા નથી. (જો) હું પરિણામનો કર્તા નથી તો પરિણામ મારું કાર્ય નથી. છએ કારકોથી પરિણામ જુદું પડ્યું કે નહિ ?

આપણે એક પ્રશ્ન ઊભો કરીએ કે, પર્યાયના છ કારકો જુદાં છે એમ કહીને તમારે લાભ શું કરવો છે ? એથી તમને શું ફાયદો છે ? આમ તો શું છે કે, વસ્તુનું જે બંધારણ છે એમાં તો દ્રવ્ય, ગુણ, પર્યાયાત્મક વસ્તુનું બંધારણ છે. પણ એ બંધારણ દ્રવ્ય, ગુણ, પર્યાયાત્મક છે એટલું સમજવાં છતાં જે પર્યાયબુદ્ધિથી પર્યાયમૂઢ થઈ રહેલો જીવ છે એણે શું કરવું જોઈએ ? આ બીજો એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તો કહે છે કે, એણે પર્યાયની મૂઢતા છોડવા માટે એટલો જોરથી એ પર્યાયને ધક્કો મારવો જોઈએ કે, પરિણામનો કર્તા પરિણામ છે, હું ત્રિકાળી નહિ. આમ લેવું જોઈએ.

ગઈકાલે નિયમસારની ૩૮ અને ૫૦ ગાથા લીધી હતી. નિયમસારમાં એ (ગાથામાં) પરદ્રવ્ય, પરસ્વભાવ અને હેય – એમ ત્રણ વાત શું કરવા કરી ?

એક વખત સોગાનીજીની ઉપસ્થિતિમાં (ગુરુદેવશ્રીની) રાત્રિચર્ચામાં આ પ્રશ્ન ચર્ચાયેલો. યાદ આવ્યું (એટલે કહું છું). જે દિવસે રાત્રિચર્ચામાં એ પ્રશ્ન ચર્ચાયેલો તે જ દિવસે સાંજે હું ગુરુદેવ પાસે એકાંતમાં (ભળવા) ગયો હતો. ગુરુદેવને સોગાનીજી વિષે વાત કરી હતી કે, કલકત્તાથી ન્યાલચંદજી સોગાની કરીને આવે છે એની સાથે હમણાં તત્ત્વચર્ચા ઘણી ચાલે છે અને એ જે ચર્ચા કરે છે અને એમાં એમની જે વાત છે, એ કોઈ ઠેઠથી આવે છે. આ શબ્દનો મેં પ્રયોગ કરેલો. ગુરુદેવને એમ પણ ન કહેવાય કે, સાહેબ ! એ જ્ઞાની છે, એ સમ્યક્દૃષ્ટિ છે, એવું આપણે ન કહેવાય. આ વિનય છે. હવે, વાત મૂકવી કેવી રીતે ? આ તો બહુ Delicate position (નાજુક પરિસ્થિતિ) હતી. નાજુક પરિસ્થિતિમાં ગુરુદેવને કેવી રીતે નિવેદન કરવું કે, એ જ્ઞાની છે. (તોપણ) એટલી વાત કરી કે, કલકત્તાથી એક મારવાડી ભાઈ ન્યાલચંદભાઈ (કરીને આવે છે). (એટલે ગુરુદેવે કહ્યું), 'હા, હા, આગળ બેસે છે.' બાજુ-બાજુમાં બેસતાં, પ્રવચનમાં અમે પાસે-પાસે બેસતાં. (પછી મેં કહ્યું), '(એમની સાથે) તત્ત્વચર્ચા ચાલે છે એમાં બહુ ઠેઠથી વાત આવે છે.' ગુરુદેવે પૂછ્યું કે, 'ઠેઠથી વાત આવે છે એટલે ?' (મેં કહ્યું), 'આપની કૃપા થઈ હોય એવું લાગે છે.' શું કહ્યું ? 'એ આત્મા ઉપર આપની કૃપા થઈ હોય એવું લાગે છે.' બસ ! ગુરુદેવ એકદમ Serious (ગંભીર) થઈ ગયા. સાંજે આંટા માર્યા પછી પાટ ઉપર બરાબર બેસે. બે-ચાર સાથે આંટા મારવાવાળા હતાં એ જમવાનો ટાઈમ થાય એટલે નીકળી જાય. કેમકે ગુરુદેવ તો પાંચ-સવા પાંચ વાગે જમી લેતાં. શિયાળો હોય તો પોણા પાંચે જમી લે. સામાન્ય રીતે ત્યાં બધાં સાડા પાંચ, છ, સવા છ સુધીમાં જમતા હોય. એટલે (ગુરુદેવની સાથે) આંટા મારનારનું તો જમવાનું બાકી જ હોય એટલે બધાં છૂટા પડી જાય. એટલે ગુરુદેવ એકલા પાટે બેઠા હોય. પછી કો'ક આવવા મંડે. બીજા (લોકો) નીકળી ગયા અને હું રોકાઈ ગયો. એ વખતે પછી ગુરુદેવને આ વાત કરી. ગુરુદેવ એકદમ ગંભીર થઈ ગયા. ગંભીર થઈ ગયા અને આમ વિચારતાં હોય એ રીતે નીચું જોઈને મૌન થઈ ગયા. (એટલામાં) કોઈ વૃદ્ધભાઈ આવ્યા પાઘડી પહેરેલી હતી, હું નથી ઓળખતો અને આવીને એમણે સીધાં જ ગુરુદેવને ચરણસ્પર્શ કર્યા. આવતાવેંત ગુરુદેવના ચરણસ્પર્શ કર્યા એટલે ગુરુદેવનો ઉપયોગ જે વિચારમાં રોકાયેલો હતો (એ એમણે ઉપર જોયું). આવનારને ખબર નહોતી કે, વાત શું ચાલે છે ? કેમકે એ તો હતાં નહીં. એટલે આવીને એમણે બેસતાં પહેલા સીધાં ચરણસ્પર્શ

કર્યા. બેસતાં પહેલા ચરણસ્પર્શ કરીને બેસે. (આમ) અંગુઠાને સ્પર્શ થયો એટલે ઉપર જોયું કે, અમે બે જ જણા હતાં ને આ કોણ ? જેવું એમની સામે જોયું એટલે ભાઈએ વાત શરૂ કરી. વૃદ્ધ માણસ હતાં એમણે ગુરુદેવને કોઈ વાત પૂછી કે કાંઈવાત ચાલુ કરી (એટલે) ગુરુદેવ એમની સાથે વાતમાં જોડાયા. એમાં આ ભાઈએ વાત લંબાવી. એમાં ગુરુદેવે જે પૂછ્યું હતું ને જે વાત કરી હતી, ગુરુદેવે મને જે પૂછ્યું ને મેં જે જવાબ આપ્યો, એ ઉપયોગ આખો બદલાઈ ગયો. પણ મારું કામ તો પૂરું થઈ ગયું હતું. હું કોઈ અપેક્ષા લઈને નહોતો ગયો કે, ગુરુદેવ મને શું જવાબ દે છે ? હું એટલું વિચારીને ગયો હતો કે, ગુરુદેવને સોગાનીજી વિષે કાંઈક બે શબ્દ પણ સીધાં નહિ તો આડકતરી રીતે જણાવવાં. બસ ! આટલી વાત થઈ. પછી તો બીજા બે ભાઈઓ આવ્યા, પછી તો ત્યાં જે પાંચ-દસ જણાં બેસતાં હતાં એમાં સમય થાય એટલે બધાં આવે. એટલે બે, ત્રણ આવ્યા, ચાર આવ્યા. પછી મેં જોયું કે, આ અંગત વાત છે એ હવે ચાલવાની નથી. (તો પણ) દસ-પંદર મિનિટ હું બેઠો. જુદી-જુદી વાતો ચાલી. એટલે હું સમજી ગયો કે, આ વિષય હવે ગુરુદેવ કદાચ નહીં લ્યે. અને આ વિષય પરિચયનો છે, પ્રત્યક્ષ પરિચયનો છે. આપસમાં પ્રત્યક્ષ પરિચય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી કોઈનું કીધેલું માનવું, એ કોઈ ન માને. જ્ઞાની શું કોઈ ન માને. સામાન્ય રીતે આ પરિસ્થિતિ છે. (કેમકે) આ વિષય એટલો ગંભીર ને કીમતી છે. એટલે બીજી અપેક્ષા પણ અસ્થાને હતી કે, ગુરુદેવ સ્વીકાર કરી લે કે, માની લે, એવું તો કાંઈ હતું નહીં. આપણું તો કામ હતું કે, એમના ધ્યાન ઉપર વાત મૂકવી. લક્ષ ઉપર વાત મૂકવી, એટલું જ હતું. હું તો પછી જમવાનો સમય હતો એટલે ચાલ્યો ગયો.

રાત્રિચર્ચામાં ગુરુદેવ પધાર્યા. (ચર્ચામાં) કાંઈ વિષય નહોતો ચાલતો, પોતે જ વિષય શરૂ કર્યો. આ રીતે ત્રણ આંગળી કરી. ચાલતા વિષયને અનુસંધાન શું છે, એમાંથી યાદ આવ્યું. ત્રણ આંગળી કરી (કહ્યું કે), જડ-પુદ્ગલ સંયોગો છે એના લક્ષે જીવને રાગ થાય છે માટે તે પરદ્રવ્ય ને હેય છે, શું (કહ્યું) ? જડ છે જે સંયોગારૂપે એનું લક્ષ કરતાં જીવને રાગ થાય છે, વિભાવ થાય છે – એ છે તો પરદ્રવ્ય. પણ પરદ્રવ્ય છે અને હેય (પણ) છે.

(પછી) બીજી આંગળી લીધી (અને કહ્યું કે), રાગાદિ - ભલે પુણ્યના પરિણામ હોય કે, ગમે તે હોય પણ એના લક્ષે – રાગના લક્ષે પણ જીવને રાગ જ થાય. માટે તે પણ પરદ્રવ્ય છે અને હેય છે.

(પછી ત્રીજી આંગળી બતાવી કહ્યું કે), એક સમયની શુદ્ધ સમ્યગ્દર્શનની પર્યાય હોય કે કેવળજ્ઞાનની હોય તેના લક્ષે પણ જીવને રાગ થાય છે. માટે તે પરદ્રવ્ય છે અને હેય છે. આમ પોતે ન્યાય આપ્યો. ન્યાય આપીને તરત જ સોગાનીજીને સંબોધન કર્યું, 'કેમ ન્યાલભાઈ ?' તરત જ (સંબોધન કર્યું). ન્યાલભાઈને બોલવાનો વિકલ્પ તો આવી ગયો (તો પણ) બોલ્યા નહીં. એક બીજો વિકલ્પ આવી ગયો. એ પછી બહાર નીકળીને મારી સાથે વાત થઈ.

આ ન્યાયથી ખરેખરે તો ગુરુદેવે એમને બોલાવવાની Try કરી, (કેમકે) મેં વાત કરેલી ને કે, ઠેઠથી વાત આવે છે. એટલે ગુરુદેવે ઠેઠ સુધીની વાત લઈ લીધી. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પણ પરદ્રવ્ય છે અને હેય છે. એ વાત ચર્ચામાં લઈ લીધી. (એ વખતે) એ ચર્ચા કાંઈ ચાલતી નહોતી. પોતે જ એક વાત શરૂ કરી. જો ચર્ચા થઈ હોત તો તે દિવસે બહાર પડી ગયા હોત. પણ કુદરતી આ બોલ્યા નહિ. (શું કામ) બોલ્યા નહિ એનું કારણ પછી કહું છું. પણ બોલવાનું મન થયું ને બોલ્યા નહિ. પછી તો ચર્ચા લંબાણી. ગુરુદેવે ફરીને ચર્ચા લીધી પણ (પહેલા) કંઈ બોલ્યા નહિ એટલે સંબોધન નહોતું કર્યું. (વાતને) ફરીને સ્પષ્ટ કરી. ગુરુદેવને તો આમ પણ બોલવામાં એકની એક વાત ફરીને કહે. પછી એમની ચર્ચાનો સમય પૂરો થઈ ગયો.

(અમે લોકો) બહાર નીકળ્યા અને (સ્વાધ્યાય મંદિરના) કમ્પાઉન્ડમાં હતા (ત્યારે) બોલ્યા કે, 'આજ ગુરુદેવને ચર્ચામેં, અપની જો ચર્ચા ચલતી હૈ વહી વિષય લિયા ઔર મુજે ભી સંબોધન કિયા.' (એટલે મેં કહ્યું), 'આપ ક્યોં બોલતે નહિ ? જબ ગુરુદેવશ્રી ચલાકરકે આપકો ચર્ચામેં શામિલ કરતે હૈં તો ફિર આપ ક્યોં નહીં બોલતે હો ?' એટલે એમણે કહ્યું 'બોલનેકા વિકલ્પ આયા થા (ઔર) બોલતા ભી. લેકિન એક દૂસરા વિકલ્પ ખડા હો ગયા કિ, અગર મૈં બોલુંગા તો બાત તો પૂરી ખૂલ જાયેગી. (ઔર) બાત ખુલ જાયેગી તો, યહાં તો મેરેસે પુરાને-પુરાને, બડે-બડે (લોગ) જિસકી પ્રતિષ્ઠા બહુત હૈ, ઐસે લોગ ભી બૈઠે હૈં. ઉનકા અચ્છા

નહીં લગેગા. વે તો પુરાને હૈં ઔર મૈં તો નયા આદમી હું. મૈં કુછ બોલું તો બાત બહાર હો જાયે.' બોલે તો તો વાત બહાર પડી જાય. બોલે એટલે તરત જ તોળાય જાય. ગુરુદેવ પાસે બોલે એટલે બોલનો તોલ થતાં વાર લાગે નહિ. ગુરુદેવનો તો ઉપયોગ સૂક્ષ્મ છે.

ગુરુદેવ પાસે (સોગાનીજી માટે) નિશ્ચયભાસી છે, એવી વાત તો મુકાઈ ગઈ હતી. એટલે જ વાત કરી હતી. પણ ગુરુદેવ તટસ્થ રહ્યાં હતાં. પરિચય વગર પોતાનો અભિપ્રાય તો આપે પણ નહિ. એમાં પાછી મેં વાત કરી. એટલે (બીજાથી) વિરૂદ્ધ અભિપ્રાય તો મારા તરફથી મળી ગયો. કોઈક બીજો અભિપ્રાય મળ્યો હતો એના કરતાં બીજી વાત મેં કરી. (એટલે) હવે, પોતે પ્રત્યક્ષ ચર્ચા શરૂ કરી. તો આ (સોગાનીજી કંઈ) બોલ્યા નહિ. બોલવાનો વિચાર આવ્યો ને બોલ્યા નહિ. વિચાર આવ્યો ને શું કરવા ન બોલ્યા ? (કેમકે) તરત જ આવો બીજો વિચાર આવી ગયો. First thought ઉપર સીધો Second thought આવી ગયો. એમને તો એમ થયું કે, મારું સારું દેખાય ને બીજાનું સારું ન દેખાય. બીજાનું સારું ન દેખાય, એ ઠીક નહિ. એવો સહજ વિકલ્પ આવી ગયો. એટલે બોલવાનું સહેજે રોકાઈ ગયું. બોલ્યા હોત તો તે 'દિ બહાર પડી જાત. પણ કુદરતી ઘટના ઘટવાની હોય એ ઘટે ને ! આનું નામ કુદરત !

અહીંયા તો એ કહેવું છે કે, કર્તાપણું અને અકર્તાપણું વિરૂદ્ધધર્મ છે એનું જ્ઞાન આવી રીતે થાય છે. બીજી રીતે એનું જ્ઞાન ન થાય, આવી રીતે એનું જ્ઞાન થાય.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકામાં મુમુક્ષુ પર્યાયની સર્વથા ભિન્નતામાં આવી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે એ મુમુક્ષુની ભૂમિકામાં નિષેધમાં આવે ત્યારે એ જ્ઞાની થઈ જાય. એ મુમુક્ષુ ન રહે પણ જ્ઞાની થઈ જાય. એમાં શું ખોટું છે ? ઉત્કૃષ્ટ મુમુક્ષુ હોય અને એ રીતે (નિષેધમાં) આવી જાય, તો એ જ્ઞાની થઈ જાય. જ્ઞાની થવાં માટેનો પ્રયત્ન કરતો હોય તો અહીં સુધી આવી જાય. મૂળ વિષય ઉપર આવશે ત્યારે જ્ઞાની થશે ને ? ત્યાં સુધી ક્યાંથી જ્ઞાની થવાનો ? ક્યાં જોર દેવું છે ? અને કેટલું જોર દેવું છે ? આ બે વસ્તુ ખ્યાલમાં ન હોય તો જોર બીજે દેવાય જાય. અને જ્યાં જોર દેવું છે ને જેટલું જોર દેવું છે, એવું ક્યારે બને ? કે, જ્યારે તેનો (સ્વરૂપનો) યથાર્થ નિર્ણય થાય ત્યારે.

બંધારણનો વિષય છે એ જ્ઞાનનો વિષય છે અને ત્રિકાળી સામાન્ય અખંડ પરમ પારિણામિકભાવ એ શ્રદ્ધાનો વિષય છે. જ્ઞાનમાં આવે છે, પણ જ્ઞાનમાં આવતાં જો સ્પષ્ટ અનુભવાંશે પ્રતીત થાય તો એ જ્ઞાન સાર્થક થઈ અને અનુભવ સુધી જાય. પણ જો સ્વભાવની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીત ન આવે તો જ્ઞાન અનુભવ સુધી ન જાય. માટે એ ભૂમિકા નિર્ણયની લીધી. નિર્ણયની ભૂમિકા જ્ઞાન પ્રધાન હોવાં છતાં શ્રીમદ્જીએ પ્રતીત શબ્દ શું કરવા વાપર્યો ? આ વિચારવા જેવો વિષય છે. નિર્ણય જ્ઞાનમાં થાય છે, સવિકલ્પદશામાં થાય છે અને સ્પષ્ટ અનુભવાંશે (થાય છે). અનુભવાંશ પણ જ્ઞાનનો પર્યાય છે. **'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ'** (એમ કહ્યું છે). પરમાર્થ એટલે અહીંયા સ્વભાવ. પરમ + અર્થ એટલે સ્વભાવ. શબ્દ આટલાં પડ્યાં છે, 'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે બીજું સમકિત છે.' અને 'નિર્વિકલ્પ પરમાર્થનો અનુભવ તે પરમાર્થ સમ્યગ્દર્શનરૂપ ત્રીજું સમકિત છે.' પણ ત્યાં પ્રતીતિ શબ્દ શું કરવાં લીધો ? કેમકે એક તો આ નિર્ણયને એમને સમકિત કહેવું છે. બીજું ત્યાં માત્ર જાણવું નથી થતું (પણ સાથે) વિશ્વાસ આવે છે કે, હું આવો જ (છું). એ રીતે જોર આવે છે ને જ્ઞાનબળ ઉત્પન્ન થાય છે. 'હું આવો જ છું. જેવો ત્રિકાળી (સ્વભાવ) મને જ્ઞાનમાં જણાયો એવો જ છું.' એમ વિશ્વાસ આવે છે. પછી એ વિશ્વાસને પંચાધ્યાયીકારે જ્ઞાનની પર્યાય કહી છે. એ પ્રતીતને પણ જ્ઞાનની પર્યાય કહે છે, એ વખતે રુચિ થઈ તેને પણ જ્ઞાનની પર્યાય કહે છે, અને એ વખતની શ્રદ્ધાને પણ જ્ઞાનની પર્યાય કહે છે.

દ્રવ્ય, ગુણ, પર્યાયના જાણપણાના જ્ઞાનથી એકત્વ મટતું નથી. અને અનુભવજ્ઞાનથી એટલા માટે છૂટે છે કેમકે અનુભવજ્ઞાનમાં અનુભવકાળે અવિનાભાવી શ્રદ્ધા પણ પરિણમે છે માટે. અને એ શ્રદ્ધાનો વિષય એક સમયની પર્યાય નથી. શ્રદ્ધાનો વિષય તે સમયની શ્રદ્ધા પણ નથી, સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય પણ નથી, સમ્યગ્દર્શનનો વિષય સ્વસંવેદનની પર્યાય નથી, સમ્યગ્દર્શનનો વિષય આનંદની પર્યાય નથી. સમ્યગ્દર્શનનો વિષય એ વખતે ઉત્પન્ન થયેલી વીતરાગતાની પર્યાય નથી અને કેવળજ્ઞાન વખતે કેવળજ્ઞાનની પર્યાય નથી.

મુમુક્ષુ :- અનુભવ થાય ત્યારે દ્રવ્ય, ગુણ, પર્યાયનું જાણપણું હોય જ છતાં જાણવાથી અનુભવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, જાણવું જુદી વસ્તુ છે, અનુભવ જુદી વસ્તુ છે. એટલે તો આપણે એક જ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનાકાર અને જ્ઞેયાકાર જુદી વાત શું કરવા લઈએ છીએ ? કે જે જાણવાનું છે ને એ જ્ઞેયાકાર જ્ઞાન છે. અને અનુભવ છે ને એ જ્ઞાનાકાર જ્ઞાન છે. જ્ઞાનાકાર જ્ઞાન છે એને જ્ઞાનસ્વભાવ કહ્યો છે. ખરેખર અધ્યાત્મશાસ્ત્રોમાં જ્યાં જ્ઞાનસ્વભાવ–જ્ઞાનગુણની વાત આવે છે ને ત્યારે જ્ઞાનવેદનની વાત ચાલી છે. ત્યારે ત્યાં જ્ઞેયાકાર જ્ઞાનની કોઈ પ્રધાનતા નથી, કોઈ પ્રયોજન નથી. એ તો પરથી ભિન્ન પાડવા માટેનું જ સાધન છે. પર જણાયું ? તો કહે, પર, પરપણે જણાવું જોઈએ. (જ્ઞાનમાં) પર જણાયું. તો કહે છે પરપણે જણાયું ? નહિતર તને (એ સ્વપણે જણાય છે). (એ રીતે) સ્વપરપ્રકાશકનું પ્રયોજન સિદ્ધ થયું ? (તો) આવ તું જ્ઞાનવેદનમાં. જ્ઞાનાકાર જ્ઞાનમાં આવી જા તું ! બન્ને સમકાળે છે. જ્યારે સ્વપરપ્રકાશક(જ્ઞાન)માં જ્ઞાન, જ્ઞાનપણે વેદાય (અર્થાત્) જ્ઞાનાકારપણે જ્ઞાન વેદાય ત્યારે જ જ્ઞેયાકારજ્ઞાનમાં જ્ઞેય પરપણે ભાસે, નહિતર પરપણે ભાસે નહિ (પણ) સ્વપણે ભાસે. આમ એનો નિયમ છે. જ્ઞાનની પર્યાયનું પરિણામવાનું આ વિજ્ઞાન છે.

મુમુક્ષુ :- જ્ઞાનાકારજ્ઞાનમાં આવ્યા પછી પરનો વિચાર જ ન આવે ને ? પરમાં રાગ-દ્વેષ થાય જ નહિ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પર, પરપણે ભાસે. પર, પરપણે ભાસે તો કોઈ દોષ નહીં થાય. પણ પર, સ્વપણે ભાસે તો એકત્વ થાશે. અધ્યાત્મનું મૂળ જરા ઊંડું છે.

એક સમયની પર્યાયનું એકત્વ તોડ્યા વિના ત્રિકાળીનો આશ્રય થતો નથી. ત્રિકાળીનો આશ્રય થતો નથી એટલે ત્રિકાળી એ અધ્યાત્મ તત્ત્વ છે ને આશ્રય કરવો તે પણ અધ્યાત્મ તત્ત્વ છે. બસ ! અધ્યાત્મતત્ત્વ અહીંયાં પૂરું થઈ જાય છે. અહીંથી આગળ અધ્યાત્મની મર્યાદા નથી. પછી જેટલો (વિષય) છે એ બધો આગમનો વિષય છે. આગમ અને અધ્યાત્મ બે લ્યો તો અધ્યાત્મ અહીંયા પૂરું થઈ ગયું. હવે જે ચાલે એ બધી આગમની વાત છે.

મુમુક્ષુ :- ફરીવાર લ્યો ને !

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મ તત્ત્વ છે એ ત્રિકાળી શુદ્ધ આત્મા પરમ પારિણામિકભાવ છે અને એનો આશ્રય જે પર્યાયો કરે એ પણ અધ્યાત્મ તત્ત્વમાં આવે છે. એનો આધાર લ્યે છે માટે એને અધ્યાત્મ તત્ત્વ કહે છે. એમાં આધારભાવ છે. બસ ! અધ્યાત્મનો વિષય અહીંયા પૂરો થઈ જાય છે. આ સિવાયનો જેટલો વિષય છે એ બધો આગમમાં જાય છે. પછી તો અધ્યાત્મની વાતને આગમની ભાષામાં કહી શકાય કે, આવું થયું એ સમ્યગ્દર્શનમાં થયું; તો કહે છે, અમે એને ઉપશમ સમ્યગ્દર્શન કહીએ છીએ. તો એ આગમભાષાની વાત છે. ક્ષયોપશમ સમ્યગ્દર્શન થયું તો એ આગમભાષાની વાત છે. અમે તો સ્વરૂપનો આશ્રય કર્યો એટલામાં અમે તો સમજીએ છીએ. - એ અધ્યાત્મભાષા છે. સ્વસંવેદન થયું ને સ્વાનુભવ થયો તે અધ્યાત્મભાષા છે. એ વખતે મતિ-શ્રુતજ્ઞાનમાં અંતર્મુખપણું થયું, મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયું તો કહે છે, એ બધું આગમભાષામાં જાય છે. મતિ, શ્રુત - એ બધાં ભેદો આગમમાં જાય છે.

મુમુક્ષુ :- આગમ એટલે વ્યવહાર ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એ (કહેવાની એક) શૈલી છે. જે શાસ્ત્રો છે એમાં ભાષાની બે પદ્ધતિ છે. એક અધ્યાત્મ પદ્ધતિ અને એક આગમ પદ્ધતિ. (પછી) કોઈ (શાસ્ત્ર) વચન આવે ત્યારે, આ વચન અધ્યાત્મપદ્ધતિનું છે કે આગમપદ્ધતિનું છે, એ ખબર ન હોય ને પછી ગોટા કરે જાય તો એનો કોઈ અર્થ નથી. એને પોતાને સમજણમાં હોવું જોઈએ કે, આ અધ્યાત્મભાષાથી આ વાત કરે છે, એ જ વાત આગમભાષાથી આમ કરે છે. આગમની અહીંયા મર્યાદા છે, અધ્યાત્મની અહીંયાં મર્યાદા છે. બધું ચોખ્ખું તો હોવું જોઈએ ને !

મુમુક્ષુ :- પરિણામનો કર્તા પરિણામ અંશ છે, હું ત્રિકાળી અંશ નહિ. એ અધ્યાત્મભાષા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ અધ્યાત્મભાષા છે. એ અધ્યાત્મનો વિષય છે. કેમકે, પરિણામનો કર્તા પરિણામ છે, એમ જુદું પડીને હું ત્રિકાળી છું, એમ આવી જાય છે. (એમ નિજસ્વરૂપનો) આશ્રય લ્યે છે. એટલે અહીંયા અધ્યાત્મપદ્ધતિથી વિષય ચાલે છે. એ અધ્યાત્મપદ્ધતિ છે. એમણે તો એકલી અધ્યાત્મ પદ્ધતિ લીધી છે. એ તો આગમમાં જાતાં જ નહોતા. આગમ(પદ્ધતિથી) વિષયજ

ફાવતો નહીં, એમ કહીએ તો ચાલે.

અધ્યાત્મ સમજ્યા વિના આગમ સમજાય નહિ. મહાન આચાર્યોએ ધવલમાં ને બીજે બધે ઠેકાણે એ વાત કરી છે કે, છએ દ્રવ્યો અને એ સંબંધીનો જેટલો વિસ્તાર છે; વધારે વિસ્તાર તો આ કર્મની પ્રકૃતિ વિગેરેનો છે, સૌથી વધારે વિસ્તાર કરણાનુયોગનો છે. ચરણાનુયોગમાં તો આચરણ(ના વિષયમાં) તો ત્રણ ગુણસ્થાન સુધી મિથ્યાઆચરણ (છે). પછી ચતુર્થ ગુણસ્થાનથી સમ્યક્આચરણ અને મુનિપદથી વિશેષ આચરણ (છે). પછી શ્રેણી (માંડે) એ તો અંતર્મુહૂર્તની છે, એમાં શું લાંબુ (વર્ણન) કરે. (એટલે) જેટલો વિસ્તાર છે એ તો કરણાનુયોગનો છે. એટલે વિભાવપરિણામ અને વિભાવપરિણામના નિમિત્તે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધે (બંધાયેલા) કર્મ પુદ્‌ગલ પરમાણુઓના પ્રકાર, એના અંશો – જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અથવા અવિભાગ પ્રતિચ્છેદો અને એ બધું (કરણાનુયોગમાં આવે). પણ એ બધો જેટલો વિસ્તાર છે એ એક આ અધ્યાત્મ તત્ત્વ સમજવાં માટે કર્યો છે.

જિનેન્દ્રવર્ણીજીએ એ વાત બે-ચાર જગ્યાએ જુદા-જુદા પ્રકરણમાં લીધી છે કે, છએ દ્રવ્યોનો વિસ્તાર એક આ અધ્યાત્મ તત્ત્વ સમજવાં માટે કર્યો છે. દિવ્યધ્વનિનું પ્રયોજન જ આ છે. ગણધરોનું પ્રયોજન પણ આટલું જ છે. બહુ સરસ વાત કરી છે. એટલે વિષયને કેન્દ્રિકરણ કર્યો છે. આ લાંબી-લાંબી વાત તમે કરો છો પણ વાતનું કેન્દ્રસ્થાન ક્યાં છે ? તો કહે છે, એક જ જગ્યાએ કેન્દ્રસ્થાન છે. જે અધ્યાત્મ તત્ત્વ આત્મા છે એને સમજાવવાં માટે આ બધી લાંબી-લાંબી વાત કરી છે. એ સમજાય તો બધું સમજાણું અને એ ન સમજાણું તો કાંઈ નથી સમજાણું. માટે જેને અધ્યાત્મ સમજાય એને જ આગમ સમજાય. એના ઉપર જ આચાર્યોએ એ વાત કરી છે કે, છએ દ્રવ્યોને જે વિસ્તાર છે એ આ એક તત્ત્વે (બતાવવા માટે છે). 'એગં જાણઈ સો સવ્વં જાણઈ' આ આચારાંગનું પહેલું સૂત્ર છે. બાર અંગની અંદર પહેલું આચારંગ છે. બાર અંગ છે એમાં પહેલું આચારંગ છે. આચારાંગ પછી સૂત્રકૃતાંગ, ઠાણાંગ, સમવાયાંગ વગેરે બધાં પછી (આવે) છે. એમાં પહેલાં અંગનું પહેલું સૂત્ર જ આ છે કે, 'એગં જાણઈ સો સવ્વં જાણઈ' (અર્થાત્) એક (આત્માને) જાણ્યો એણે સર્વને જાણ્યું (અને) એકને ન જાણ્યો એણે કાંઈ ન જાણ્યું. એમાં બધું આવી ગયું. એટલે અધ્યાત્મતત્ત્વની પ્રધાનતા છે. દિવ્યધ્વનિના બારે અંગમાં પણ અધ્યાત્મ તત્ત્વની પ્રધાનતા છે. અને ગુરુદેવ તો એમ કહેતાં કે, જેણે શુદ્ધાત્માનો જેણે અનુભવ કર્યો એના જ્ઞાનમાં બાર અંગનો સાર આવી ગયો ! એના અનુભવમાં બારે અંગનો નિચોડ આવી ગયો ! જાઓ ! એને બાર અંગ જાણવાનું બંધન નથી, શાસ્ત્રજ્ઞાનની કોઈ અટક નથી, એ રાજમલ્લજીએ (કળશટીકામાં) લીધું. અને કુંદકુંદઆચાર્યએ એને શ્રુતકેવળી કહ્યો. (સમયસારની) નવ-દસ ગાથામાં એને શ્રુતકેવળી કહી દીધો. એને કેવળીનું ટાઈટલ લગાડી દીધું – શ્રુતકેવળી ! શ્રુતજ્ઞાની છે માટે (એને અમે) શ્રુતકેવળી (કહીએ છીએ), જાઓ !

મુમુક્ષુ :- આચરાંગ એટલે આચરણ કેવું રાખવું એમ ?

પૂજ્ય ભાઈશ્રી :- ચાર અનુયોગમાં આચારાંગ છે એ આચરણનો અનુયોગ છે. અને ઉપદેશપદ્ધતિમાં મુનિદશાનો જ ઉપદેશ દેવાય છે. પછી એમ કહે કે, તારામાં આવી શક્તિ ન હોય તો (તું) શ્રદ્ધા કરજે. (આમ) ઉપદેશ ત્યાંથી જ શરૂ કરતાં હતાં. અત્યારે તો એ કાળ નથી. એ ઉપદેશકો (પણ) નથી અને એ કાળ (પણ) નથી. બાકી વાત તો ત્યાંથી જ ચાલતી હતી. ભગવાનના વખતમાં વાત ત્યાંથી ચાલતી હતી. આચારાંગથી વાત ચાલતી હતી. એટલે ગણધરદેવોએ બાર અંગની શરૂઆત આચારાંગથી કરી છે. અત્યારે તો સમ્યગ્દર્શનની વાત મોંઘી પડી ગઈ છે. અરે...! મુમુક્ષુતાની વાત મોંઘી પડી ગઈ છે, સમ્યગ્દર્શન તો ક્યાં લેવાં જાવું ? પાત્રતાની વાત મોંઘી થઈ ગઈ છે. પાત્ર (જીવ) ગોતવા મુશ્કેલ પડે એવું છે.

મુમુક્ષુ :- સ્વભાવને ગ્રહણ કરવાના પ્રયત્નમાં પર્યાયનો નિષેધ આવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેમકે સ્વભાવ પર્યાય રહિત છે. ગ્રહણ કરનારી પર્યાય છે, પણ સ્વભાવ એવો અદ્‌ભુત છે ! ભગવાન આત્મા સ્વભાવ એવો અદ્‌ભુત છે ! કે, પર્યાય પોતાનું ભાન ભૂલે છે ! એવું ભાન ભૂલીને જ્યારે સ્વભાવ ઉપરનું જોર આવે છે ત્યારે સમ્યક્પણું પ્રાપ્ત થાય છે. ત્યાં સુધી સમ્યક્પણું આવતું નથી, એમ કહેવું છે. એના આ બધાં સંકેતો આવે છે. જ્ઞાનીની આ જે વાતો આવે છે એમાં

એ જાતના સંકેતો આવે છે. (આવે છે ને) 'જ્ઞાનભંડાર આત્મામેંસે જ્ઞાન ઉઘડતા રહતા હૈ.' જેનું જ્ઞાન વિશાળ હોય એમાં લોકોને આકર્ષણ થઈ જાય, આશ્ચર્ય થઈ જાય કે, આહાહા.... ! કેવું જ્ઞાન છે ! કેવું જ્ઞાન છે !! પણ હવે (સાંભળને) જ્ઞાન તો જ્ઞાન ભંડારમાંથી જ્ઞાન ઉઘડે છે. તને જ્ઞાનભંડારનું આશ્ચર્ય થતું નથી ને (આ) ઉઘડેલા જ્ઞાનનું આશ્ચર્ય કાં (થાય છે) ? એમ કહે છે. એ બધાં સંકેત છે. એક-એક વાતમાં એનો સંકેત છે. વસ્તુ એવી છે કે, એનો આશ્રય લેનાર, એની સામે જોનાર, એમાં આસક્ત થનાર પોતે પોતાનું ભાન ભૂલે છે. એના ઉપર તો શ્રીમદ્‌જીએ ગોપાંગનાની ભક્તિનો દાખલો આપ્યો છે કે, ગોપાંગનાઓ પણ પોતાનું ભાન ભૂલ જતી હતી. શ્રીકૃષ્ણને જોવે તો એ ભૂલી જતી હતી કે, અમે કોણ છીએ ? અમે સ્ત્રી છીએ, આમ ન રહેવાય, આમ ન બોલાય, આમ ન ચલાય, એ બધું ભૂલી જતી હતી.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાય ગોપાંગના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધી પર્યાયો ગોપાંગનાઓ છે, એમ કહે છે. અને ભગવાન (આત્મા) શ્રીકૃષ્ણ છે, એમ કહેવું છે. એ ભાન ભૂલી જાય. એ તો રુચિનો વિષય જ એવો છે. બધું છોડી દે. પોતાના વિષય સિવાય એ બધાંને (છોડી દે), પોતાને પણ છોડી દે - એનું નામ રુચિ.

એવી રીતે એ સહજતા છે. આ માર્ગની અને આ પ્રકારની પરિણમનની પદ્ધતિની સહજતા જ આ છે. એવી રીતે કામ થાય છે. બીજી રીતે કામ થતું નથી. વિશેષ કાલે લેશું.

---

જ થઈ નથી તેથી પહેલાં એમ કહેવાય કે તું જ્ઞાન યથાર્થ કર તો શ્રદ્ધા યથાર્થ થાય. ખરી રીતે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. યથાર્થ પ્રતીતિ થાય તો જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. પણ પહેલાં યથાર્થ જ્ઞાન કર પછી શ્રદ્ધા થાય, તેમ આવે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૬૧)**

પ્રશ્ન :– પ્રથમ શું હોય–શ્રદ્ધા કે જ્ઞાન ?

સમાધાન :– સાચી સમજણ વગર યથાર્થ શ્રદ્ધા થતી નથી. અને યથાર્થ શ્રદ્ધા વગર જ્ઞાન યથાર્થ થતું નથી. **(સ્વાનુભૂતિદર્શન-૨૬૨)**

પ્રશ્ન :– તો અમારે જ્ઞાન પણ કરવું ? અને શ્રદ્ધા પણ કરવી ?

સમાધાન :– જ્ઞાન અને શ્રદ્ધા સાથે જ છે. યથાર્થ શ્રદ્ધા હોય તો જ્ઞાન યથાર્થ થયા વગર રહેતું નથી. જેને યથાર્થ જ્ઞાન થાય તેની શ્રદ્ધા પણ યથાર્થ જ હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૬૩)**

પ્રશ્ન :– જૈનદર્શનમાં શ્રદ્ધાની પ્રધાનતા છે ?

સમાધાન :– હા, શ્રદ્ધાની પ્રધાનતા છે. શ્રદ્ધા કરે તેમાં જ્ઞાન વચ્ચે આવે છે, માટે પ્રથમ જ્ઞાન કરવું એમ કહેવાય પણ શ્રદ્ધા યથાર્થ હોય તો જ મુક્તિના માર્ગની શરૂઆત થાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૬૪)**

પ્રશ્ન :– શું મુમુક્ષુને આત્મા પ્રાપ્ત કરવા જતાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુભભાવ આવે જ ?

સમાધાન :– હા, મુમુક્ષુની ભૂમિકામાં તેવા ભાવ આવે. સમ્યગ્દર્શન થતાં મુક્તિનો માર્ગ શરૂ થાય, પછી ચારિત્રદશા થાય તો પણ દેવ-શાસ્ત્ર-ગુરુના શુભ વિકલ્પ સાથે હોય છે. જ્યાં સુધી વીતરાગદશા નથી થઈ ત્યાં સુધી શુભભાવ હોય છે. મુમુક્ષુને તો એમ થાય કે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા હો. તેમની વાણીનું શ્રવણ-મનન હો, વગેરે બધી ભાવના આવે. સમ્યગ્દષ્ટિને, ચારિત્રવાન મુનિને પણ દેવ-શાસ્ત્ર-ગુરુની સાન્નિધ્યતાના શુભ ભાવ આવ્યા વગર રહેતા નથી, વચ્ચે સાથે હોય છે. અણુવ્રત-મહાવ્રતનાં શુભ પરિણામ આવે છે તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યનાં શુભ પરિણામો આવે છે. બહારનો યોગ કેટલો હોય તે વાત જુદી પણ તેની ભાવના તો આવી હોય છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૬૫)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– કોઈ રીતે પરની રુચિ છૂટતી નથી તો પરની રુચિ છૂટીને આત્માની રુચિ કેમ થાય ?

સમાધાન :– પરની રુચિ તોડતાં-તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે. ઉપલક રુચિ હોય કે આત્માનું જ કરવા જેવું છે, પણ એકત્વબુદ્ધિ તોડતાં-તોડતાં મુશ્કેલી પડી જાય છે. અનંતકાળનો અભ્યાસ છે એટલે પ્રયાસ કરી કરીને થાકી જાય છે-ખેદ થાય છે. કરવાનું તો આ જ છે પણ પુરુષાર્થની ખામીને લઈને તેના વિશ્વાસમાં ડોલમડોલ થઈ જાય છે. પોતે છે તો જુદો, પણ મોટાં રાંઢવા (દોરડાં) જેવું એકપણું કરી મૂક્યું છે. પોતે અનંતકાળ પરની સાથે એકત્વપણાના અભ્યાસમાં રહ્યો છે. હવે તે અનંતકાળની સામે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘૂંટવામાં અનંતકાળ લાગતો નથી. ધીમો ધીમો અભ્યાસ કરે તો થોડો કાળ જાય છે. અને ઉગ્ર કરે તો છ મહિના લાગે છે. અંદર રુચિ ભલે આત્માની હોય, પણ એકત્વબુદ્ધિ તોડતાં તોડતાં તેને મુશ્કેલી પડે છે અને બહાર ચાલ્યો જાય છે.

પોતાના ને પરના લક્ષણને ઓળખીને, આ દ્રવ્ય-ગુણ-પર્યાય મારાં છે અને આ પુદ્‌ગલના છે, એમ બરાબર ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણી સાંધની સૂક્ષ્મ રગ જોઈને ચારેબાજુ ફરી વળે છે અને કોઈ જગ્યાએ સાંધ રહેતી નથી, સરખા બે ભાગ થઈ જાય છે. સૂક્ષ્મતાથી લઈએ તો, ગુણના ભેદ, પર્યાયના ભેદ કે કોઈ પણ જાતના રાગમિશ્રિત ભાવ—જે જે ભાવ આવે તે–બધાથી છૂટો પડી જાય છે. જ્ઞાનમાં બધું જાણે, પણ એકત્વબુદ્ધિ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી છૂટો પડી જાય છે. શુભભાવો કે જ્યાં પોતાને બહુ રસ લાગે છે તેવા ભાવો, ગુણ-પર્યાયના ભેદો, વગેરે. જે જે સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાવો આવતા હોય તે બધામાં ચારેબાજુ પ્રજ્ઞાછીણી ફરી વળે છે. અને ચોખ્ખા બે ભાગ કરી નાંખે છે. આ ચૈતન્યનો ભાગ અને આ વિભાવનો ભાગ એમ બે ભાગ કરી નાંખે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૫૯)**

પ્રશ્ન :– સમયસાર ગાથા ૧૭-૧૮માં ભગવાન આત્મા સૌને અનુભવમાં આવતો હોવા છતાં પોતાને આત્મજ્ઞાન ઉદય થતું નથી તેમાં દૃષ્ટિની ભૂલ છે તેમ બતાવ્યું છે ?

સમાધાન :– હા, દૃષ્ટિની ભૂલ બતાવવી છે કે તેની દૃષ્ટિ બહાર જાય છે. જેમ કોઈ બીજાની ગણતરી કરતો હોય કે આ માણસ છે, આ માણસ છે પણ પોતે પોતાને ગણવાનું ભૂલી જાય છે તેમ પોતે બધું બહારમાં જોઈ રહ્યો છે. પણ હું ચૈતન્યદ્રવ્ય છું એમ પોતાને જ ભૂલી ગયો છે. તેને પોતાના અસ્તિત્વની અને આનંદની અનુભૂતિ નથી. અનુભૂતિસ્વરૂપ પોતે હોવા છતાં પણ આનંદની અનુભૂતિ નથી. જ્ઞાન અસાધારણ લક્ષણ છે કે જે લક્ષણથી પોતે પોતાને ઓળખી શકે છે. તે જ્ઞાયકતાનો નાશ નથી થયો, જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમી રહ્યું છે પણ પોતે જ્ઞાયકતારૂપે થયો નથી માટે તેના તરફ દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, આચરણ કરે તો તેને આનંદની અનુભૂતિ પ્રગટ થાય. **(સ્વાનુભૂતિદર્શન-૨૬૦)**

પ્રશ્ન :– ત્યાં તો પ્રથમ આત્માને જાણવો એમ કહ્યું છે તો આત્માને શ્રદ્ધવો પછી ?

સમાધાન :– જ્યારે પોતે પોતા તરફ જાય ત્યારે પહેલાં યથાર્થ જ્ઞાનથી ઓળખે. માટે પહેલા જ્ઞાન યથાર્થ કરવું, પછી પ્રતીતિ કરવી અને પછી આચરણ કરવું–તેમ ક્રમ લીધો છે. અનાદિની પોતાને સાચી સમજણ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૨૦ ઉપર)**

### ૩૭૯




મુંબઈ, જેઠ વદ ૦)), શુક્ર, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી, સર્વ કાળને માટે અયાચકપણું પ્રાપ્ત હોય છે એવો જો કોઈ હોય તો તે તરણતારણ જાણીએ છીએ, તેને ભજો.

મોક્ષ તો આ કાળને વિષે પણ પ્રાપ્ત હોય, અથવા પ્રાપ્ત થાય છે. પણ મુક્તપણાનું દાન આપનાર એવા પુરુષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે; અર્થાત્ મોક્ષ દુર્લભ નથી, દાતા દુર્લભ છે.

ઉપાધિજોગનું અધિકપણું વર્તે છે. બળવાન ક્લેશ જેવો ઉપાધિયોગ આપવાની 'હરિઇચ્છા' હશે, ત્યાં હવે તે જેમ ઉદય આવે તેમ વેદન કરવા યોગ્ય જાણીએ છીએ.

સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે. તથાપિ સંસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી; એ એક પ્રકારનો મોટો 'ક્લેશ' વર્તે છે.

તમારા સત્સંગને વિષે અત્યંત રુચિ રહે છે, તથાપિ તે પ્રસંગ થવા હાલ તો 'નિર્બળ' થઈ શ્રી 'હરિ'ને હાથ સોંપીએ છીએ.

અમને તો કંઈ કરવા વિષે બુદ્ધિ થતી નથી, અને લખવા વિષે બુદ્ધિ થતી નથી. કંઈક વાણીએ વર્તીએ છીએ, તેમાં પણ બુદ્ધિ થતી નથી, માત્ર આત્મરૂપ મૌનપણું, અને તે સંબંધી પ્રસંગ, એને વિષે બુદ્ધિ રહે છે. અને પ્રસંગ તો તેથી અન્ય પ્રકારના વર્તે છે.

એવી જ 'ઈશ્વરેચ્છા' હશે ! એમ જાણી જેમ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ જ યોગ્ય જાણી રહીએ છીએ.

'બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી.' પણ પ્રસંગ આ વર્તે છે. સત્સંગને વિષે રુચિકર એવા ડુંગરને અમારા પ્રણામ પ્રાપ્ત હો.

'વનની મારી કોયલ' એવી એક ગુર્જરાદિ દેશની કહેવત આ પ્રસંગને વિષે યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

નમસ્કાર પહોંચે.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી-૨૦૧૨નું) શુલ્ક શ્રી મહેન્દ્રકુમારજી જૈન, ભાવનગરના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**